# FIA TIMES

February-2026 • E-mail : fiagujarat@gmail.com • Website : www.fiagujarat.com




## FEDERATION OF INDUSTRIES AND ASSOCIATIONS

(Gujarat's Largest Federation Representing Industries of Gujarat)

Editor : H. M. Patel

# સોમનાથ સ્વાભિમાન પર્વ: અખંડ આસ્થાના ૧૦૦૦ વર્ષ (૧૦૨૬-૨૦૨૬)



સોમનાથ એ માત્ર મંદિર નથી, પણ ભારતની આત્માની શાશ્વત ઘોષણા છે. પ્રભાસ પાટણના સમુદ્ર કિનારે બિરાજમાન આ પ્રથમ જ્યોતિર્લિંગ આપણી સભ્યતા અને અદમ્ય આધ્યાત્મિક શક્તિનું પ્રતીક છે.

### સંઘર્ષ અને પુનરુત્થાનનો ઈતિહાસ

વર્ષ ૨૦૨૬ એ ઈતિહાસનો એક મહત્વનો પડાવ છે. જાન્યુઆરી ૧૦૨૬માં મહમૂદ ગઝનીએ સોમનાથ પર બર્બર હુમલો કર્યો હતો. તે હુમલાના ૧,૦૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આક્રમણકારોનો હેતુ માત્ર વિનાશ કરવાનો હતો, પરંતુ તેઓ એ ભૂલી ગયા કે શ્રદ્ધાને ક્યારેય નષ્ટ કરી શકાતી નથી.

૧૦૨૬ના એ વિનાશક હુમલા બાદ પણ સોમનાથ વારંવાર બેઠું થયું છે. આઝાદી પછી, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના દ્રઢ નિશ્ચયથી મંદિરનું નવનિર્માણ થયું અને ૧૧ મે ૧૯૫૧ના રોજ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની ઉપસ્થિતિમાં તેના દ્વાર ભક્તો માટે ખુલ્યા. આજે આ પુનઃનિર્મિત મંદિરના પણ ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.

### શાશ્વત ચેતનાનું પ્રતીક

સ્વામી વિવેકાનંદે કહ્યું હતું તેમ, સોમનાથ જેવા મંદિરો આપણને પુસ્તકો કરતાં વધુ ઊંડો ઈતિહાસ શીખવે છે. આ મંદિર સેંકડો હુમલાઓ અને જીર્ણોદ્ધારનું સાક્ષી છે, જે દર્શાવે છે કે ભારતનું રાષ્ટ્રીય મન અવિનાશી છે. ગીતાના શ્લોક 'નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ' ની જેમ, જે શાશ્વત છે તેને કોઈ શસ્ત્ર હણી શકતું નથી.

### આજનું સોમનાથ અને વિકસિત ભારત

સોમનાથની વાર્તા વિનાશની નહીં, પણ કરોડો ભારતીયોના અતૂટ સાહસની છે. જે રીતે સોમનાથ દરેક આક્રમણ પછી વધુ ભવ્ય રીતે ઉભું થયું, તે જ ભાવના આજે ભારતના વિકાસમાં દેખાઈ રહી છે. આજે વિશ્વ ભારત તરફ આશાની નજરે જોઈ રહ્યું છે.

નિષ્કર્ષ: સોમનાથ આપણને શીખવે છે કે નફરત પાસે ક્ષણિક વિનાશની શક્તિ હોઈ શકે, પરંતુ સત્ય અને સારપ પાસે અનંત સર્જનની શક્તિ છે. આવો, સોમનાથ દાદાના આશીર્વાદ સાથે આપણે 'વિકસિત ભારત' બનાવવાના સંકલ્પ સાથે આગળ વધીએ.

જય સોમનાથ!

# FEDERATION OF INDUSTRIES AND ASSOCIATIONS (GUJARAT)

"FIA BHAVAN", Plot No. R-11, New Green City, GIDC Housing Zone, Nr. D-Mart, Sector-26, Gandhinagar-382026

99250 07221 fiagujarat@gmail.com

www.fiagujarat.com

@fiatweet1

www.facebook.com/fiagujarat


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રમુખ સ્થાનેથી | ૦૨ |
| ૨. | તંત્રી સ્થાનેથી | ૦૩ |
| ૩. | એફ.આઈ.એ.માં નવું સભ્યપદ મેળવવા બદલ અભિનંદન | ૦૪ |
| **સંસ્થાકીય સમાચાર :** | | |
| ૪. | વર્ષ ૨૦૨૫-૨૭ના હોદ્દેદારો તથા કારોબારી સમિતિની દ્વિતીય બેઠક | ૦૫ |
| ૫. | ગુજરાતના નવ નિયુકત ચીફ સેક્રેટરીશ્રીની શુભેચ્છા મુલાકાત | ૦૬ |
| ૬. | એફ.આઈ.એ. દક્ષિણ ઝોન એસોસિએશનની જી.આઈ.ડી.સી. સાઉથ ઝોન સાથે બેઠક | ૦૭ |
| ૭. | એફ.આઈ.એ.ના ખજાનચીની ગુજરાત સરકારના નવા મંત્રીશ્રીઓ સાથે શુભેચ્છા મુલાકાત | ૦૮ |
| ૮. | એફ.આઈ.એ.ના પ્રમુખશ્રીની ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ | ૦૯ |
| ૯. | એફ.આઈ.એ.ના પ્રતિનિધિ મંડળની શ્રી લોચન સેહરા સાહેબ (IAS) સાથે બેઠક | ૧૦ |
| ૧૦. | માનનીય નાણા મંત્રીશ્રીને જન્મદિવસની શુભેચ્છાઓ | ૧૧ |
| **વિશેષ :** | | |
| ૧૧. | ગિફ્ટ સિટીમાં ઇન્ડિયન એ.આઈ. રિસર્ચ ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરાશે | ૧૨ |
| ૧૨. | ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી ૨૦૨૫ : MSME ક્ષેત્ર માટે વિકાસનું નવું સોપાન | ૧૩ |
| ૧૩. | નવા શ્રમ કાયદા ૨૦૨૫ : ગુજરાત | ૧૪ |
| ૧૪. | પીએમ સૂર્ય ઘર યોજના : ૫ લાખથી વધુ રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપન સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે | ૧૬ |
| ૧૫. | Gujarat Govt. approves ₹1,371+ crore investments in chemical, agro, mineral sectors | ૧૭ |
| ૧૬. | INDIA - EU FTA ગુજરાતના ઔદ્યોગિક વિકાસને નવી ઊંચાઈએ લઈ જશે | ૧૮ |
| ૧૭. | ગુજરાત ટેક્સટાઇલ પોલિસી-૨૦૨૪ : મહિલા સખી મંડળો અને શહેરી એકમોને મળશે મોટું પ્રોત્સાહન | ૧૯ |
| ૧૮. | Solid Waste Management Rules, 2026 | ૨૦ |
| ૧૯. | Budget 2026-2027: A Blueprint for Industrial Supremacy and the 'Viksit Gujarat' Vision | ૨૧ |
| ૨૦. | સહકારી ક્ષેત્રના યુગપુરુષઃ સ્વ. આત્મારામ કાકાની જીવનગાથા | ૨૩ |
| ૨૧. | Srijan Defence Indigenization Portal | ૨૫ |
| ૨૨. | જૂના ઇન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર્સને આધુનિક બનાવવાની યોજના | ૨૬ |
| ૨૩. | ₹૧૦,૦૦૦ કરોડના "Champion SME" ફંડ માટે અરજી કેવી રીતે કરવી ? | ૨૭ |
| **નીતિવિષયક પરિપત્રો :** | | |
| ૨૪. | ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૫, તા. ૨૧-૧૧-૨૦૨૫ | ૨૮ |
| ૨૫. | ક્રમાંક : UDUHD/MSM/e-file/18/2025/2300.L, તા. ૨૦-૦૯-૨૦૨૫ | ૨૯ |
| ૨૬. | No. : GIDC/O&M/CIR/ALT/POL-28, Dt. 19-12-2025 | ૩૧ |



| પ્રમુખ | માનદ્ મંત્રી/તંત્રી | કોષાધ્યક્ષ |
|---|---|---|
| શ્રી નિર્મલકુમાર દુધાની | શ્રી એચ. એમ. પટેલ | શ્રી લાખાભાઈ કેશવાલા |

**વાચક જોગ**
અંકમાં પ્રસિદ્ધ થતા લેખો, મંતવ્યો કે અનુમાનો લેખકના અંગત અભિપ્રાય છે.
એફ.આઈ.એ.ની તે અંગે કોઈ સહમતિ કે જવાબદારી રહેતી નથી. - તંત્રી



Editor & Published By
**H. M. PATEL**



નિર્મલકુમાર દુધાની
**પ્રમુખ**

# પ્રમુખ સ્થાનેથી

વહાલા ઉદ્યોગસાહસિક મિત્રો,

આપ સૌને ૭૭મા પ્રજાસત્તાક પર્વની હાર્દિક શુભેચ્છાઓ!

૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ આપણે એક ગણતંત્ર તરીકેની સફર શરૂ કરી હતી, અને આજે ૨૦૨૬માં જ્યારે આપણે પાછળ વળીને જોઈએ છીએ, ત્યારે ભારત વિશ્વના મંચ પર એક આર્થિક મહાસત્તા તરીકે ઉભરી આવ્યું છે.

'FIA TIMES'ના આ નવા અંક દ્વારા હું આપ સૌ સાથે જોડાતા અત્યંત આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત @ ૨૦૪૭' ના વિઝનને સાકાર કરવામાં ગુજરાતના ઉદ્યોગો પાયાની ભૂમિકા ભજવી રહ્યા છે. આપણા રાજ્યના નાના, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) આજે માત્ર ઉત્પાદન જ નથી કરી રહ્યા, પરંતુ વૈશ્વિક સ્તરે 'મેક ઈન ઈન્ડિયા' ના સ્વપ્નને સાકાર કરી રહ્યા છે.

'FIA' હંમેશા ઉદ્યોગકારો અને સરકાર વચ્ચે એક મજબૂત કડી તરીકે કાર્યરત રહી ઉદ્યોગકારોની વિવિધ મુશ્કેલીઓના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ છે. ખાસ કરીને, વર્ષો જૂના 'સ્ટેમ્પ ડ્યુટી' ના જટિલ પ્રશ્ન અંગે અમે સરકારમાં ઉચ્ચ સ્તરે સચોટ રજૂઆતો કરી છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે ખૂબ જ ટૂંક સમયમાં સરકાર તરફથી આ બાબતે આપણને હકારાત્મક અને સુખદ ઉકેલ પ્રાપ્ત થશે.

ઉંચા ટેરીફ તથા યુધ્ધોની અરાજકતા વચ્ચે પણ ભારતે આર્થિક ક્ષેત્રે જે ગતિશીલતા બતાવી છે, તેમાં આપણી ગુણવત્તા અને નવીનતા મુખ્ય છે. આપણે હવે માત્ર પરંપરાગત ઉત્પાદન પદ્ધતિઓ પર નિર્ભર ન રહેતા, ગ્રીન એનર્જી, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને સસ્ટેનેબલ ટેકનોલોજી તરફ આગળ વધવાની જરૂર છે. FIA આ દિશામાં સતત માર્ગદર્શન પૂરું પાડવા પ્રયત્નશીલ રહેશે.

આપણી એકતા એ જ આપણી શક્તિ છે. હું આપ સૌને વિનંતી કરું છું કે આપણે સાથે મળીને એક એવું વ્યાપારિક વાતાવરણ બનાવીએ જ્યાં સ્પર્ધા નહીં પણ સહકાર હોય. તમારા સૂચનો અને સહકાર જ FIA ને વધુ સક્ષમ બનાવશે.

ચાલો, આ પ્રજાસત્તાક પર્વે આપણે સંકલ્પ કરીએ કે આપણે આપણા ઉદ્યોગોને વધુ ઊંચાઈએ લઈ જઈશું અને રાષ્ટ્રનિર્માણમાં આપણું અમૂલ્ય યોગદાન આપીશું.

જય હિંદ,........... જય જય ગરવી ગુજરાત!

શુભેચ્છાઓ સહ,

# તંત્રી સ્થાનેથી



એચ. એમ. પટેલ

નમસ્કાર મિત્રો,

આપણી માતૃભૂમિના ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીના આ અવસરે 'એફ.આઈ.એ. ટાઈમ્સ'નો આ અંક આપ સૌ સમક્ષ પ્રસ્તુત કરતા મને અત્યંત ગૌરવ થાય છે.

ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસિયેશન્સ હંમેશા ઉદ્યોગકારોના હિતોના રક્ષણ માટે કાર્યરત રહ્યું છે. પ્રમુખશ્રીના નેતૃત્વમાં આપણે સરકારશ્રીના વિવિધ વિભાગો સાથે સતત સંપર્કમાં છીએ. GIDC વસાહતોમાં ઉદ્યોગકારોને નડતી વહીવટી અડચણો અને ખાસ કરીને જૂની સ્ટેમ્પ ડ્યુટીના પ્રશ્ને આપણે જે સઘન ફોલોઅપ લીધું છે, તેનાથી અમે આશાવાદી છીએ કે સરકારશ્રી દ્વારા ઉદ્યોગલક્ષી નિર્ણય લેવામાં આવશે.

મિત્રો, વિકાસલક્ષી કેન્દ્રીય બજેટ ૨૦૨૬ તથા અમેરિકા સાથેના વેપાર સંબંધોમાં આવેલો સુધારો ગુજરાતના ઉદ્યોગ સાહસિકો માટે એક ઐતિહાસિક તક છે. હવે આપણે માત્ર "વેન્ડર" મટીને "પાર્ટનર" બનવાની જરૂર છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સપનાના "આત્મનિર્ભર ભારત"માં ગુજરાતના લઘુઉદ્યોગો પાયાનો પથ્થર સાબિત થશે, એવો મને પાક્કો વિશ્વાસ છે.

એફ.આઈ.એ. ટાઈમ્સ એ માત્ર એક મેગેઝિન નથી, પણ ઉદ્યોગકારોનો અવાજ છે. અમારો પ્રયાસ છે કે ઉદ્યોગજગતમાં આવતા રોજબરોજના ફેરફારો અને પોલિસી અપડેટ્સ આપના સુધી સચોટ રીતે પહોંચે. મને આશા છે કે આ અંકમાં સમાવિષ્ટ માહિતી આપના વ્યવસાયિક આયોજનમાં માર્ગદર્શક બની રહેશે. આપના પ્રતિભાવો અને સૂચનો હંમેશા આવકાર્ય છે.

શુભકામનાઓ સહ,

## એફ.આઈ.એ.માં નવું સભ્યપદ મેળવવા બદલ
## એફ.આઈ.એ. પરિવાર આ સભ્યશ્રીઓને હાર્દિક અભિનંદન પાઠવે છે.

### New Life Time Member

D. H. Engineering Work – Makarpura GIDC
Eltech Control Industries – Mehsana GIDC
R. K. Petroleum- Mehsana

### New Associates Industries Member

Ambica Metalic Chemicals – Ankleshwar GIDC
Distromed Bio Clean Pvt. Ltd. Kuvadwa GIDC

## એફ.આઈ.એ.ના સભ્ય એસોસીએશનમાં નવીન કારોબારી વરણી થવા બદલ
## નવ નિયુકત કારોબારી સભ્યશ્રીઓને એફ.આઈ.એ. પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.

### વિસનગર જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

| | |
|---|---|
| શ્રી યોગીનભાઈ ડી. પટેલ | પ્રમુખશ્રી |
| શ્રી હસમુખભાઈ એલ. પટેલ | માનદ્ મંત્રીશ્રી |
| શ્રી દિનેશભાઈ કે. પટેલ | ખજાનચી |

(તથા સર્વે નવ નિયુક્ત કારોબારી સભ્યશ્રીઓ)

### ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

| | |
|---|---|
| શ્રી મુકેશભાઈ વેકરીયા | પ્રમુખશ્રી |
| શ્રી રાજેશભાઈ પટેલ | માનદ્ મંત્રીશ્રી |
| શ્રી દર્શનભાઈ મહેતા | ખજાનચી |

(તથા સર્વે નવ નિયુક્ત કારોબારી સભ્યશ્રીઓ)

### જી.આઈ.ડી.સી. પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસીએશન (દરેડ - જામનગર)

| | |
|---|---|
| શ્રી વિષ્ણુભાઈ એમ. પાંભર | પ્રમુખશ્રી |
| શ્રી જીગ્નેશભાઈ બી. લાવટી | માનદ્ મંત્રીશ્રી |
| શ્રી જીતેનભાઈ કે. શાહ | ખજાનચી |

(તથા સર્વે નવ નિયુક્ત કારોબારી સભ્યશ્રીઓ)

# વર્ષ ૨૦૨૫-૨૭ના હોદ્દેદારો તથા કારોબારી સમિતિની દ્વિતીય બેઠક












એફ.આઈ.એ.ના વર્ષ ૨૦૨૫-૨૭ના હોદ્દેદારો તથા કારોબારી સમિતિની દ્વિતીય બેઠકનું આયોજન તા. ૨૩/૧૨/૨૦૨૫ને મંગળવારના રોજ એફ.આઈ.એ. ભવન, ગાંધીનગર ખાતે, પ્રમુખશ્રી નિર્મલકુમાર દુધાની સાહેબની અધ્યક્ષતામાં થયું.

મોટી સંખ્યામાં ઉત્સાહભેર ઉપસ્થિત રહેલા સભ્યશ્રીઓએ સમૂહમાં ‘વંદે માતરમ્’ ગીત ગાઈ બેઠકનો પ્રારંભ કરી એજન્ડા મુજબની તથા જીઆઈડીસીના ઉદ્યોગકારોની વિવિધ સમસ્યાઓ અને તેના સમાધાનોની વિસ્તૃત ચર્ચાઓ કરી.

## ગુજરાતના નવ નિયુકત ચીફ સેક્રેટરીશ્રીની શુભેચ્છા મુલાકાત



તા. ૦૧/૧૧/૨૦૨૫ ને શનિવારના રોજ એફ.આઈ.એ.ના પુર્વ પ્રમુખશ્રી કાન્તિભાઈ પટેલ તથા માણસા GIDCના પ્રમુખ શ્રી માધવલાલ પટેલે ગુજરાતના નવ નિયુકત ચીફ સેક્રેટરીશ્રી એમ. કે. દાસ સાહેબ, (જેઓ ભૂતકાળમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે પણ સેવા આપી ચુક્યા છે) ની શુભેચ્છા મુલાકાત લઈ અભિનંદન આપ્યા તથા એફ.આઈ.એ. પરીવાર વતીથી શાલ તથા બુકેથી અભિવાદન કર્યું.

---



એફ.આઈ.એ. ભવન ખાતે તા. ૨૩/૧૨/૨૦૨૫ ને મંગળવારના રોજ એફ.આઈ.એ.ના નવીન પેટ્રોન સભ્ય શ્રી અક્ષયકુમાર શાહ સાહેબ (CKS ACOUSTICS INDIA PVT. LTD. GEZIA)નું સાલ, બુકે અને મોમેન્ટોથી એફ.આઈ.એ.ના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા કારોબારી સભ્યશ્રીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.



તા. ૦૧/૦૧/૨૦૨૬ ના રોજ વાઈબ્રન્ટ ગુજરાત અન્વયે યોજાયેલ મિટિંગમાં પોરબંદર જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ વેલ્ફેર એસોસિએશન તરફથી ઉતરોતર વ્યવહાર પર સ્ટેમ્પ ડ્યુટી અંગેના હાલ અતિ મહત્વના પ્રશ્નો માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાહેબ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતા તે અન્વયે તેઓની ટીમ દ્વારા આ જટિલ પ્રશ્નનું ટૂંક જ સમયમાં નિરાકરણ લાવી આપવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવેલ હતી.

## એફ.આઈ.એ. દક્ષિણ ઝોન એસોસિએશનની જી.આઈ.ડી.સી. સાઉથ ઝોન સાથે બેઠક





તા.૨૨/૧૨/૨૦૨૫ ને સોમવારના રોજ બપોરે ૨-૦૦ કલાકે વિભાગીય પ્રબંધકશ્રીની કચેરી (દ.ગુ), જીઆઈડીસી, સુરતની કચેરી ખાતે વિભાગીય પ્રબંધકશ્રી (દ.ગુ)ના અધ્યક્ષપણાં હેઠળ ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ એશોસિએશન્સ (ગુજરાત) ના હોદ્દેદારો અને સુરત જી.આઈ.ડી.સી રિજીયનનાં એશોસિએશન્સ સાથે મિટિંગનું આયોજન થયેલ. જીઆઈડીસી (દ.ગુ)ના ઉદ્યોગકારોની વિવિધ સમસ્યાઓની ચર્ચાઓ કરવામાં આવી.

## નાયબ મુખ્યમંત્રીશ્રીની સાણંદ જી.આઈ.ડી.સી. ખાતે મુલાકાત





તા. ૧૮/૧૨/૨૦૨૫ ના રોજ ગુજરાતના માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીજીએ સાણંદ જીઆઈડીસીની મુલાકાત લીધી. મમતા વર્મા મેડમ, પ્રવિણા ડી. કે. મેડમની હાજરીમાં સાણંદ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પદાધિકારીઓ અને નેતાઓ સાથે એક મહત્ત્વપૂર્ણ બેઠકનુ આયોજન થયું.

સાણંદ જીઆઈડીસીના ટકાઉ વિકાસ અને સુગમ કામગીરી માટે જરૂરી મુખ્ય માળખાગત જરૂરિયાતો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી. સાણંદ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રતિનિધિઓએ મુખ્ય માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો. માનનીય નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સાહેબે સાણંદ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ મુદ્દાઓને ધીરજપૂર્વક સાંભળ્યા અને ખાતરી આપી કે ગુજરાત સરકાર આ મુદ્દાઓને પ્રાથમિકતાના ધોરણે ઉકેલવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

## એફ.આઈ.એ.ના ખજાનચીની ગુજરાત સરકારના નવા મંત્રીશ્રીઓ સાથે શુભેચ્છા મુલાકાત





એફ.આઈ.એ.ના ખજાનચીશ્રી લાખાભાઈ કેશવાલા સાહેબે ગુજરાત રાજયના નવા વર્ણી પામેલ કેબીનેટ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા સાહેબ (વન અને પર્યાવરણ, આબોહવા પરિવર્તન, વિજ્ઞાન અને ટેકનોલોજી) તથા રાજ્ય મંત્રી શ્રીમતી રીવાબા જાડેજા મેડમ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)ની શુભેચ્છા મુલાકાત લીધી.

## ગોધરા જી.આઈ.ડી.સી.ની નવીન ડિરેક્ટરીનું વિમોચન





તા. ૨૦/૧૨/૨૦૨૫ ને શનિવારના રોજ ગોધરા જીઆઈડીસી એસ્ટેટ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ખાતે ગોધરા જીઆઈડીસીના ઉદ્યોગકારોની ટેલિફોન ડિરેક્ટરી વિમોચન કાર્યક્રમનુ આયોજન થયું. આ કાર્યક્રમમાં એફ.આઈ.એ.ના ભૂતપૂર્વ માનદ્ મંત્રીશ્રી અને હાલના સેન્ટ્રલ ઝોનના ઉપ પ્રમુખ શ્રી ભાવેન્દ્રભાઈ તનેજા સાહેબ, ગોધરા જીઆઈડીસીના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, હોદ્દેદારશ્રીઓ, ઉદ્યોગકારો અને આમંત્રીત મહેમાનો હાજર રહ્યા. ગોધરા જીઆઈડીસીની ટેલિફોન ડિરેક્ટરીનું વિમોચન જીઆઈડીસીના પ્રાદેશિક મેનેજર (વડોદરા) તથા બેંક ઓફ બરોડાના પ્રાદેશિક મેનેજરના હસ્તે કરવામાં આવ્યું.

## એફ.આઈ.એ.ના પ્રમુખશ્રીની ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ






વાપીની વિવેકાનંદ હાઈસ્કૂલ, ડુંગરા ખાતે ૭૭મા પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે FIAના પ્રમુખ શ્રી નિર્મલભાઈ દુધાણી મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીઓ, આચાર્ય, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓએ દેશભક્તિના જોશ સાથે ભાગ લીધો હતો.

## એફ.આઈ.એ.ના પ્રતિનિધિ મંડળની શ્રી લોચન સેહરા સાહેબ (IAS) સાથે બેઠક



તારીખ ૨૮-૦૧-૨૦૨૬ને બુધવારના રોજ એફ.આઇ.એ.ના પ્રમુખ શ્રી નિર્મલકુમાર દુધાણીના નેતૃત્વ હેઠળ એક પ્રતિનિધિમંડળે ગાંધીનગર સચિવાલય ખાતે ગુજરાત સરકારના લેબર, સ્કિલ ડેવલપમેન્ટ અને એમ્પ્લોયમેન્ટ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી શ્રી લોચન સેહરા સાહેબ (IAS) સાથે તેમના કાર્યાલયમાં ખાસ મુલાકાત કરી હતી.

આ બેઠકમાં સરકાર દ્વારા અમલી નવા લેબર કોડના વિવિધ પાસાઓ અને ઉદ્યોગોને સ્પર્શતા મહત્વના મુદ્દાઓ અંગે ખૂબ જ વિસ્તૃત અને સકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી. એફ.આઇ.એ.ના પ્રતિનિધિઓએ ઉદ્યોગ જગતના હિતમાં નવા કાયદાઓના સંદર્ભે પોતાની રજૂઆતો રજૂ કરી હતી અને સરકાર તરફથી આ બાબતે યોગ્ય સહયોગ મળે તે માટે પરામર્શ કર્યો હતો.

આ મુલાકાતમાં એફ.આઇ.એ.ના માનદમંત્રીશ્રી એચ.એમ.પટેલ, ખજાનચીશ્રી લાખાભાઈ કેશવાલા, પૂર્વપ્રમુખ શ્રી કાન્તિભાઈ પટેલ, પૂર્વ માનદમંત્રીશ્રી અજીતભાઈ શાહ, શ્રી સાજનકુમાર મોરારકા, નંદેસરી જી.આઈ.ડી.સી.ના સભ્યો શ્રી રાજેશ પાલકર, શ્રી હિરેનભાઈ શાહ તથા વિશેષમાં એફ.આઈ.એ. તરફથી લેબરના એડવોકેટ શ્રી હસમુખભાઈ પટેલ તેમના સાથીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

## સાણંદ જીઆઈડીસીના હોદ્દેદારોની ઝિમ્બાબ્વેના ઉદ્યોગ મંત્રીશ્રી સાથે બેઠક





તા. ૩૦/૦૧/૨૦૨૬ ને શુક્રવારના રોજ સાણંદ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને ઝિમ્બાબ્વેના ઉદ્યોગ અને વાણિજ્ય નાયબ મંત્રી શ્રી રાજેશ મોદી સાથે SIAના ઉદ્યોગકારોની હાજરીમાં એક બેઠક યોજવામાં આવી હતી જેમાં દ્વિપક્ષીય ઔદ્યોગિક સહયોગ માટે સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યા હતા. મંત્રીશ્રીએ SIAને ઝિમ્બાબ્વેમાં બિઝનેસ ડેલિગેશન લાવવા માટે ખાસ આમંત્રણ પાઠવ્યું.

# માનનીય નાણા મંત્રીશ્રીને જન્મદિવસની શુભેચ્છાઓ



તા. ૦૩/૦૨/૨૦૨૬ ના રોજ એફ.આઈ.એ.ના પૂર્વ પ્રમુખ શ્રી કાંતિભાઈ પટેલ તથા સેક્રેટરી શ્રી એચ. એમ. પટેલે ગુજરાતના યશસ્વી નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સાહેબને તેમના જન્મદિવસના અવસરે પુષ્પગુચ્છ અર્પણ કરી એફ.આઇ.એ. પરિવાર તરફથી આત્મીય શુભેચ્છાઓ પાઠવી.

મુલાકાત દરમ્યાન તેઓશ્રી એ જી.આઈ.ડી.સી. વસાહતોની જુની સ્ટેમ્પ ડ્યુટી તથા અન્ય સમસ્યાઓની પણ ચર્ચા કરી, માનનીય મંત્રીશ્રીએ શક્ય તમામ મદદ કરવાની ખાતરી આપી.




ભારતના ૭૭મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે, કચ્છના રણમાં આવેલા ધોરડો ખાતે દેશભક્તિ અને સ્વદેશી શક્તિનું પ્રદર્શન જોવા મળ્યું, જ્યાં ખાદીથી બનેલો વિશ્વનો સૌથી મોટો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો.

# ગિફ્ટ સિટીમાં ઈન્ડિયન એ.આઈ. રિસર્ચ ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરાશે

**ગુજરાતે પી.પી.પી. મોડલ પર ઈન્ડિયન એઆઈ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરનારા દેશના પ્રથમ રાજ્યનું ગૌરવ મેળવ્યું.**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં AI ના ઉપયોગથી શિક્ષણ, કૃષિ, આરોગ્ય સેવાઓ અને અર્થવ્યવસ્થામાં સુધારાત્મક પગલાંઓથી લોકોના જીવનમાં પરિવર્તનની નેમ સાકાર કરવામાં ગુજરાતનું વધુ એક નવતર કદમ.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં AI સેક્ટરના સેક્ટરમાં રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ વધુ સંગીન બનાવીને રાષ્ટ્રીય સ્તરે AI ઈકોસિસ્ટમને ગતિ આપવાની પહેલ ૨૦૨૬ના વર્ષના પ્રારંભે ગુજરાતે કરી છે.રાજ્ય સરકાર, ભારત સરકાર તથા ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સ-IPAની ત્રિપક્ષીય ભાગીદારીથી ઈન્ડિયન એઆઈ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (IAIRO)ની સ્થાપના કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી ગુજરાતે પી.પી.પી. મોડલ પર ઈન્ડિયન એઆઈ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરનારા દેશના પ્રથમ રાજ્યનું ગૌરવ મેળવ્યું છે.

ગિફ્ટ સિટીમાં આગામી ૧ જાન્યુઆરી ૨૦૨૬થી આ IAIRO સ્પેશિયલ પર્પઝ વિહિકલ તરીકે કાર્યરત કરાશે. આ ઈન્ડિયન એઆઈ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનની રચના કંપની અધિનિયમ ૨૦૧૩ની કલમ ૮ અન્વયે નોન પ્રોફિટ મેકિંગ ઈન્સ્ટિટ્યૂટ તરીકે કરવામાં આવશે. એટલું જ નહિં, આ પ્રોજેક્ટ માટે પ્રથમ પાંચ વર્ષ માટે અંદાજે ૩૦૦ કરોડનું બજેટ નક્કી કરવામાં આવ્યું છે તેમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર તથા ખાનગી ભાગીદાર ત્રણેયનું ૩૩.૩૩ ટકા યોગદાન રહેશે.

ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સ IAIRO માટે એન્કર ખાનગી ભાગીદાર તરીકે જોડાયું છે અને ૨૦૨૫-૨૬ના વર્ષ માટે ૨૫ કરોડનું યોગદાન આપવાનું છે આ IPA માં સિપ્લા, ટોરેન્ટ ફાર્મા, સન ફાર્મા જેવી કંપનીઓ સહિત ૨૩ જેટલી અગ્રણી ફાર્મા કંપનીઓનો સમાવેશ થાય છે.

ગુજરાતની આ પહેલ ભારત સરકારના ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલયના ઈન્ડિયા એ.આઈ. મિશન તેમજ રાજ્ય સરકારના સાયન્સ ટેકનોલોજી વિભાગના એ.આઈ. એક્શન પ્લાનના ઉદ્દેશ્યોને સુસંગત છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગથી આરોગ્ય, શિક્ષણ, કૃષિ અને અન્ય સેવાઓમાં પરિવર્તનકારી સુધારાઓથી લાખો લોકોના જીવનને વધુ સરળ બનાવીને સસ્ટેનેબલ ડેવલપમેન્ટની ગતિ વેગવાન બનાવવા રાજ્ય સરકારે AI ટાસ્કફોર્સની રચના પણ કરેલી છે. એ દિશામાં આગળ વધતા હવે IAIRO ને AI માટે મલ્ટી ડિસિપ્લિનરી હબ બનાવવાની નેમ રાખવામાં આવી છે.

IAIRO ની મુખ્ય પ્રવૃત્તિઓમાં અદ્યતન AI રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, AI આધારિત પ્રોડક્ટસ અને સોલ્યુશન્સના વિકાસ તથા શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ અને સરકાર વચ્ચેના સહયોગનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી (IP) ક્રિએશન, કેપેસિટી બિલ્ડીંગ તથા પોલીસી બેઝ્ડ રિસર્ચ પર પણ IAIRO ફોકસ કરશે. IAIRO હાઈબ્રિડ કમ્પ્યુટ મોડેલ હેઠળ કાર્ય કરશે, તેમાં ઓન-પ્રેમિસ GPU ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે IndiaAI ક્લાઉડ જેવા નેશનલ પ્લેટફોર્મ્સનું સંકલન પણ કરાશે.

ગુજરાતની આ પહેલ AI માટે કુશળ અને ભવિષ્યનું માનવ સંસાધન બળ તૈયાર કરવા સાથોસાથ AI સેક્ટરમાં ભારતને ગ્લોબલ કોમ્પિટિટિવ લીડર તરીકે પ્રસ્થાપિત કરશે અને ઈમર્જિંગ ટેકનોલોજી ઈનોવેશન માટે ગુજરાતનું સ્થાન વધુ મજબૂત બનાવશે.

Source: Information Department, Gujarat

# ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી ૨૦૨૫: MSME ક્ષેત્ર માટે વિકાસનું નવું સોપાન

**વિકસિત ગુજરાત@૨૦૪૭ના વિઝનને સાકાર કરવા માટે, ગુજરાત સરકારે 'ઇન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી ૨૦૨૫' જાહેર કરી છે. આ નીતિ માત્ર પર્યાવરણની જાળવણી માટે નથી, પરંતુ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) માટે ખર્ચમાં ઘટાડો અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવાનું એક વ્યૂહાત્મક માધ્યમ છે.**

વ્યૂહાત્મક સહાય અને વ્યાપાર વાતાવરણ

**રાજ્યએ નાના ઉદ્યોગો અને નવા સાહસિકો (Start-ups) માટે વિશ્વસ્તરીય વ્યાપાર વાતાવરણ અને મજબૂત માળખું તૈયાર કર્યું છે.**

- **પ્રોત્સાહક નીતિઓ:** MSMEs ને ગ્રીન ટ્રાન્ઝિશનમાં મોખરે રાખવા માટે ખાસ માળખું તૈયાર કરવામાં આવ્યું છે.
- **ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ (EoDB):** સિંગલ-વિન્ડો ક્લિયરન્સ અને સમર્પિત નોડલ એજન્સીઓ દ્વારા વહીવટી અવરોધો દૂર કરવામાં આવ્યા છે, જેથી પુનઃપ્રાપ્ય ઉર્જા પ્રોજેક્ટ્સ સ્થાપવાની પ્રક્રિયા સરળ બને.

  **માળખાકીય સુવિધાઓ:** આધુનિક બંદરો અને લોજિસ્ટિક્સ સુવિધાઓ દ્વારા રાજ્યમાં ઈઈ આધારિત વ્યવસાયો માટે અનુકૂળ પરિસ્થિતિઓ ઉપલબ્ધ છે.

### કાર્યકારી અને નાણાકીય લાભો

૨૦૨૫ની નીતિમાં એવી રાહતો આપવામાં આવી છે જે MSMEs ને તેમની ઉર્જા જરૂરિયાતો પર નિયંત્રણ મેળવવા સક્ષમ બનાવે છે.

- **ક્ષમતા પર કોઈ મર્યાદા નથી:** હવે ઉદ્યોગો પોતાના વપરાશ (Captive Use) અથવા તૃતીય પક્ષને વીજળી વેચવા માટે ગમે તેટલી ક્ષમતાના ઈઈ પ્રોજેક્ટ્સ સ્થાપી શકે છે. આ માટે ડિસ્કોમ (DISCOM) સાથેના કરારબદ્ધ લોડની કોઈ મર્યાદા નડશે નહીં.
- **બેંકિંગ અને વ્હીલિંગ સુવિધા:** આ નીતિ પાવરના વ્હીલિંગ (વહન) ની મંજૂરી આપે છે. રોકડ પ્રવાહને જાળવી રાખવા માટે, બેંકિંગ સુવિધાનો ઉપયોગ કરનારાઓ માટે બિલિંગ સાયકલના આધારે સેટલમેન્ટ પિરિયડની જોગવાઈ છે.
- **સરકારી યોજનાઓનો લાભ:** MSMEs આ રાજ્ય નીતિના લાભોની સાથે કેન્દ્ર અથવા રાજ્ય સરકારની અન્ય પ્રોત્સાહક યોજનાઓનો પણ લાભ લઈ શકશે.

### આર્થિક અને ક્ષેત્રીય વૃદ્ધિ

માત્ર વીજ ઉત્પાદન જ નહીં, પણ આ નીતિ એક આખું ઔદ્યોગિક ઈકોસિસ્ટમ બનાવવાની ક્ષમતા ધરાવે છે.

- **ગ્રીન મેન્યુફેક્ચરિંગ:** ઓછા ખર્ચે પુનઃપ્રાપ્ય ઉર્જાનો ઉપયોગ કરવાથી MSMEs ના ઉત્પાદનોમાં 'કાર્બન ફૂટપ્રિન્ટ' ઘટશે. આ 'ગ્રીન ટેગ' આંતરરાષ્ટ્રીય બજારમાં ગુજરાતી ઉત્પાદનોની માંગ અને સ્પર્ધાત્મકતા વધારશે.
- **ઉદ્યોગસાહસિકતા અને રોજગાર:** આ નીતિ હેઠળ નવીન સંશોધનો કરતા સ્ટાર્ટ-અપ્સ માટે વિશાળ તકો ઉભી થશે, જે રાજ્યના અર્થતંત્રને ગ્રીન ગ્રોથ તરફ દોરી જશે.
- **સપ્લાય ચેઈનનું સ્થાનિકીકરણ:** સોલાર પેનલ, વિન્ડ ટર્બાઈન અને અન્ય ઘટકોના ઉત્પાદનમાં સ્થાનિક સપ્લાય ચેઈન વિકસાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે, જે MSME ઉત્પાદકો માટે સુવર્ણ તક છે.

### નિષ્કર્ષ

ગુજરાત ઈન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી ૨૦૨૫ એ MSME ક્ષેત્ર માટે 'ગેમ ચેન્જર' સાબિત થશે. ક્ષમતાના નિયંત્રણો હટાવીને અને વ્યાપારની સરળતા વધારીને, રાજ્ય સરકારે સુનિશ્ચિત કર્યું છે કે ભારતને નેટ-ઝીરો ભવિષ્ય તરફ લઈ જવામાં નાના ઉદ્યોગો અગ્રણી ભૂમિકા ભજવશે.

**"ગુજરાતના ઉદ્યોગોનું ભવિષ્ય હરિત છે,<br>અને તેની શક્તિ MSME છે."**

(આ લેખ "ગુજરાત ઈન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી ૨૦૨૫" ના આધારે AI દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. વધુ વિગતો માટે કૃપા કરીને મૂળ સરકારી પોલિસી દસ્તાવેજ તપાસવો.)

# નવા શ્રમ કાયદા ૨૦૨૫: ગુજરાત

**સ્વતંત્રતા બાદના ૨૯ જૂના અને જટિલ શ્રમ કાયદાઓને સ્થાને હવે માત્ર ૪ સરળ શ્રમ સંહિતા (Labor Codes) અમલમાં આવી છે. ગુજરાત, જે મેન્યુફેક્ચરિંગ હબ છે, ત્યાં આ કાયદાઓના અમલીકરણથી ઉદ્યોગકારોને વહીવટી સરળતા મળશે, જ્યારે શ્રમિકોને સામાજિક સુરક્ષાનું નવું કવચ પ્રાપ્ત થશે.**

૧. કામના કલાકો અને ઓવરટાઈમમાં ફ્લેક્સિબિલિટી

ડિસેમ્બર ૨૦૨૫ ના નવા સુધારા મુજબ, ફેક્ટરીઓમાં કામના કલાકોના માળખામાં મહત્વના ફેરફાર કરાયા છે:

- **દૈનિક કલાકો:** રાજ્ય સરકાર હવે ઉદ્યોગોની જરૂરિયાત મુજબ દૈનિક કામના કલાકો ૯ થી વધારીને ૧૨ કલાક (વિશ્રામના સમય સાથે) સુધી કરી શકશે, જોકે સાપ્તાહિક ૪૮ કલાકની મર્યાદા યથાવત રહેશે. આનાથી ઉદ્યોગકારો ૪-દિવસીય વર્ક વીક (૧૨ કલાક પ્રતિ દિવસ) નું માળખું અપનાવી શકશે.
- **ઓવરટાઈમ મર્યાદા:** ત્રિમાસિક (Quarterly) ઓવર ટાઈમની મર્યાદા ૭૫ કલાકથી વધારીને ૧૨૫ કલાક કરવામાં આવી છે.
- **વળતર:** ઓવરટાઈમ માટે શ્રમિકને સામાન્ય વેતન કરતા બમણું વેતન આપવું ફરજિયાત છે. ૧૫ થી ૩૦ મિનિટના વધારાના કામને પણ હવે ૩૦ મિનિટનો ઓવરટાઈમ ગણવામાં આવશે.

૨. **વેતનની નવી વ્યાખ્યા અને 'ટેક-હોમ પે' પર અસર**

નવા વેતન કોડ (Wage Code) મુજબ 'વેતન' ની વ્યાખ્યા સ્પષ્ટ કરવામાં આવી છે, જે સીધી રીતે પ્રોવિડન્ટ ફંડ (PF) અને ગ્રેચ્યુઈટીને અસર કરશે:

- ૫૦% નો નિયમ: હવે કર્મચારીના કુલ પગાર (CTC) માં 'બેઝિક પગાર' અને 'મોંઘવારી ભથ્થું' (DA) ઓછામાં ઓછું ૫૦% હોવું જોઈએ. જો અન્ય ભથ્થાં (HRA, Conveyance, etc.) ૫૦% થી વધી જાય, તો વધારાની રકમને વેતનમાં ઉમેરવામાં આવશે અને તેના પર PF કાપવામાં આવશે.
- **અસર:** આનાથી શ્રમિકના પીએફ અને ગ્રેચ્યુઈટીના ફાળામાં વધારો થશે. કંપનીઓએ તેમના કોસ્ટ-ટુ-કંપની (CTC) માળખાનું પુનઃમૂલ્યાંકન કરવું પડશે કારણ કે ગ્રેચ્યુઈટી અને પીએફની જવાબદારી વધશે.

૩. **મહિલાઓ માટે રાત્રિ પાળી (Night Shift) અને સુરક્ષા**

ગુજરાત સરકારના નવા નિયમો મુજબ હવે મહિલાઓ રાત્રે ૭ થી સવારે ૬ વાગ્યા દરમિયાન પણ કામ કરી શકશે, પરંતુ તેના માટે ઉદ્યોગકારોએ નીચેની શરતોનું પાલન કરવું પડશે:

- મહિલાની લેખિત સંમતિ લેવી.
- વર્કપ્લેસ પર CCTV કેમેરા અને પૂરતી લાઈટની વ્યવસ્થા.
- સુરક્ષિત પરિવહન (GPS સુવિધા સાથેની ગાડી) પૂરી પાડવી.
- એક પાળીમાં ઓછામાં ઓછી ૧૦ મહિલાઓનું ગ્રુપ હોવું જોઈએ.

૪. **ગ્રેચ્યુઈટી અને ફિક્સ્ડ ટર્મ એમ્પ્લોયમેન્ટ (FTE)**

ઉદ્યોગકારો માટે 'કોન્ટ્રાક્ટ લેબર' ને બદલે 'ફિક્સ્ડ ટર્મ એમ્પ્લોયમેન્ટ' (FTE) નો વિકલ્પ હવે કાયદેસર અને વધુ આકર્ષક બન્યો છે:

- **ગ્રેચ્યુઈટી પાત્રતા:** ફિક્સ્ડ ટર્મ કર્મચારીઓને હવે ૧ વર્ષની સેવા બાદ ગ્રેચ્યુઈટી મેળવવાનો અધિકાર છે (જૂના નિયમ મુજબ ૫ વર્ષ હતા).
- **સમાન લાભો:** FTE કર્મચારીઓને કાયમી કર્મચારીઓની જેમ જ તમામ વૈધાનિક લાભો (Social Security) આપવા પડશે.

૫. **નવા દંડની જોગવાઈઓ અને શમન** (Compounding of Offences)

નવા કાયદામાં શિસ્તપાલન પર ભાર મુકાયો છે, સાથે જ નાની ભૂલો માટે જેલને બદલે આર્થિક દંડની જોગવાઈ છે:

| ગુનાનો પ્રકાર | પ્રથમ વખતનો દંડ | બીજી વખતનો દંડ |
|---|---|---|
| વેતનની સમયસર ચુકવણી ન કરવી | રૂ.૫૦,૦૦૦ સુધી | રૂ.૧,૦૦,૦૦૦ અથવા જેલ |
| સલામતીના ધોરણોનું ઉલ્લંઘન (ગંભીર) | રૂ.૨,૦૦,૦૦૦ સુધી | રૂ.૫,૦૦,૦૦૦ અથવા જેલ |
| રેકોર્ડ્સ અને રજીસ્ટર ન જાળવવા | રૂ.૨૦,૦૦૦ સુધી | રૂ.૫૦,૦૦૦ |

૬. એમ્પ્લોયર્સ માટે "એક્શન ચેકલિસ્ટ"

૧. **નિયુક્તિ પત્રો (Appointment Letters) :** તમામ કર્મચારીઓને લેખિત એપોઈન્ટમેન્ટ લેટર આપવા ફરજિયાત છે. જૂના કર્મચારીઓને પણ નવા ફોર્મેટમાં લેટર આપી શકાય.

૨. **સેલેરી સ્ટ્રક્ચર અપડેટ:** ખાતરી કરો કે 'Basic + DA' કુલ પગારના ૫૦% થી ઓછું નથી.

૩. **ડિજિટલ હાજરી:** જો શક્ય હોય તો બાયોમેટ્રિક અથવા ક્લાઉડ-આધારિત હાજરી પદ્ધતિ અપનાવો, જે નવા ઓડિટના ધોરણો મુજબ ગ્રાહ્ય છે.

૪. **હેલ્થ ચેકઅપ:** ૪૫ વર્ષથી વધુ ઉંમરના શ્રમિકોના વાર્ષિક મેડિકલ ટેસ્ટનું આયોજન કરો અને તેનો રેકોર્ડ સાચવો.

૫. **ઈન્ટરનલ કમિટી:** કામના સ્થળે જાતીય સતામણી અટકાવવા માટે 'Internal Complaints Committee' (ICC) ની સ્થાપના કરવી અને તેની વિગતો બોર્ડ પર પ્રદર્શિત કરવી.

૭. 'ઇન્સ્પેક્ટર રાજ' નો અંત અને ફેસિલિટેશન

નવા કાયદામાં ઈન્સ્પેક્ટરોને હવે 'ઈન્સ્પેક્ટર-કમ-ફેસિલિટેટર' તરીકે ઓળખવામાં આવે છે. તેમનું કામ માત્ર દંડ કરવાનું નથી, પણ ઉદ્યોગોને કાયદાનું પાલન કેવી રીતે કરવું તેનું માર્ગદર્શન આપવાનું પણ છે. મોટાભાગના ઓડિટ હવે વેબ-આધારિત હશે અને રેન્ડમ કોમ્પ્યુટર જનરેટેડ સિસ્ટમ દ્વારા જ તપાસણી નક્કી કરવામાં આવશે.

**નિષ્કર્ષ:**

નવા શ્રમ કાયદા ઉદ્યોગકારોને કાર્યકારી લવચીકતા (Operational Flexibility) આપે છે, પરંતુ સાથે સાથે તે પારદર્શિતા અને શ્રમિક સુરક્ષાના કડક અમલીકરણની પણ અપેક્ષા રાખે છે. ઉદ્યોગકારોએ તેમના એચઆર (HR) વિભાગને આ નવા નિયમો મુજબ સજ્જ કરવો જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ કાનૂની ગૂંચવણ ઊભી ન થાય.

**સ્રોત:**

૧. ગુજરાત સરકાર ગેઝેટ નોટિફિકેશન (ડિસેમ્બર ૨૦૨૫).

૨. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય (Labor Codes 2025 Implementation Guide).

૩. Economic Times (Industry Analysis) & MSME World Reports.

વધુ વિગતવાર માર્ગદર્શન માટે :

labour.gujarat.gov.in

## ખૂબ ખૂબ અભિનંદન



**SHRI AKSHAY SHAH**

(CKS ACOUSTICS INDIA PVT. LTD.)
Gandhinagar Electro. Zone Ind. Asso. (GEZIA)

**આપશ્રી એફ.આઈ.એ. ના પેટ્રન સભ્ય બની આ પરીવાર સાથે જોડાયા છો. એફ.આઈ.એ.એ આજે આપશ્રી જેવા સમર્પિત સભ્યોથી ગુજરાતના અગ્રગણ્ય ઔદ્યોગિક સંગઠન તરીકે પ્રસ્થાપિત થયેલ છે. આપશ્રીનું જ્ઞાન અને અનુભવ ઔદ્યોગિક અને સામુદાયિક વિકાસ માટેના અમારા પ્રયાસોમાં મદદરૂપ થશે. આપશ્રીના આ અમુલ્ય સહયોગ બદલ સમગ્ર એફ.આઈ.એ. પરિવાર આપશ્રીને ધન્યવાદ પાઠવે છે.**

**એફ.આઈ.એ. પરિવારમાં આપશ્રીનું હાર્દિક સ્વાગત છે.**

## પીએમ સૂર્ય ઘર યોજનાઃ ૫ લાખથી વધુ રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપન સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ શરૂ કરવામાં આવેલી 'પીએમ સૂર્ય ઘર : મફત વીજળી યોજના' હેઠળ આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન તથા ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ અને રાજ્ય મંત્રીશ્રી કૌશિક વેકરીયા ના નેતૃત્વ હેઠળ ગુજરાતે 'પીએમ સૂર્ય ઘરઃ મફત વીજળી યોજના'ના સફળ અમલીકરણ થકી એક મહત્વપૂર્ણ સિધ્ધી હાંસલ કરી છે.**

ગુજરાતમાં હાલમાં 'પીએમ સૂર્ય ઘરઃ મફત વીજળી યોજના' હેઠળ ૫ લાખથી વધુ રૂફટોપ સોલાર સિસ્ટમ્સ સ્થાપિત કરવામાં આવી છે, જેના કારણે કુલ ૧૮૭૯ મેગાવોટ સોલાર ક્ષમતા પ્રાપ્ત થઈ છે. આ આંકડો રાજ્યના નિર્ધારિત લક્ષ્યના ૫૦ ટકા કરતાં વધુ છે, જે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. ગુજરાતે માર્ચ ૨૦૨૭ સુધીમાં આ યોજનાના અંતર્ગત ૧૦ લાખ રહેણાંક રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

### મહત્વના નિર્ણયોઃ

રાજ્ય સરકારે પીએમ સૂર્ય ઘરઃ મફત વીજળી યોજના ને વધુ વેગવંતી બનાવવા અને રૂફટોપ સોલર ઇન્સ્ટોલેશન માટે ગ્રાહકોને પ્રોત્સાહિત કરવા, ૬ કિ.લો વોટ સુધીની સોલાર રૂફટોપ સિસ્ટમ માટે રેગ્યુલેટરી ચાર્જીસ રૂ.૨૯૫૦ની સહાય તથા ૬ કિલો વોટ સુધીની સોલાર રૂફટોપ સિસ્ટમ માટે નેટવર્ક સ્ટ્રેન્થનિંગ ચાર્જ માફ કરવામાં આવેલ છે. તેમજ વધુ સુવિધા માટે નેટ મીટરીંગ એગ્રીમેન્ટ કરવાની જરૂરિયાતમાંથી પણ મુક્તિ આપવામાં આવેલ છે. જેના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં વધુમાં વધુ નાગરિકો પીએમ સૂર્ય ઘરઃ મફત વીજળી યોજનાનો લાભ લઇ રહ્યા છે.

### સિદ્ધિઓના મુખ્ય પરિબળોઃ

રાજ્ય સરકારની નવીનીકરણીય ઊર્જાને પ્રોત્સાહન આપવા માટેની મજબૂત પ્રતિબદ્ધતા અને સક્રિય સહયોગ, ગ્રાહક-પ્રથમ અભિગમ, નીતિ આધારિત આયોજન અને સરળ પ્રક્રિયાઓ ગુજરાતની સફળતાના મુખ્ય પરિબળો છે. રાજ્યમાં રહેણાંક સોલાર સ્થાપન માટે લોડની કોઈ મર્યાદા નથી અને વધારાની વીજળી વેચાણની સુવિધા પણ ઉપલબ્ધ છે. સોલાર સિસ્ટમ ધરાવતા રહેણાંક ગ્રાહકો માટે બેંકિંગ ચાર્જ લાગુ પડતા નથી, જેના કારણે નાગરિકોને કોઈપણ પ્રકારની અડચણ વગર સરળતાથી યોજનાનો લાભ મળી રહ્યો છે.

'પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના' હેઠળ રહેણાંક ક્ષેત્રમાં 2 kW સુધી રૂ. ૩૦,૦૦૦ પ્રતિ kW, 2 kW થી વધુ 3 kW સુધી રૂ. ૧૮,૦૦૦ પ્રતિ kW અને 3 kW થી વધુની ક્ષમતા માટે કુલ રૂ. ૭૮,૦૦૦ સુધીની સબસિડી આપવામાં આવે છે.

## શ્રદ્ધાંજલિ



**સ્વ. પ્રો. કાન્તિભાઈ મગનભાઈ પટેલ**

**એફ.આઈ.એ.ના ભૂતપૂર્વ ખજાનચી તથા હાલના કારોબારી સભ્યશ્રી ચિરાગકુમાર સાકરીયા (મહેસાણા જીઆઈડીસી)ના પિતાશ્રી સ્વ. પ્રો. કાન્તિભાઈ મગનભાઈ પટેલનું શુક્રવાર તા. ૧૯/૧૨/૨૦૨૫ના રોજ દુખદ અવસાન થયેલ છે.**

**પરમ કૃપાળુ પરમાત્મા તેમના પવિત્ર આત્માને શાંતિ આપે તેવી સમગ્ર એફ.આઈ.એ. પરિવાર તરફથી પ્રાર્થના.**

**ઓમ શાંતિ**

# Gujarat Govt. approves ₹1,371+ crore investments in chemical, agro, mineral sectors



With the vision of positioning Gujarat as one of the world's most attractive investment destinations, key decisions to promote large industries were taken at a high-level committee meeting chaired by Deputy Chief Minister Harsh Sanghvi on Dt. 28-01-2026, Wednesday.

Under the Aatmanirbhar Gujarat-2022 scheme, final eligibility certificates were approved for three major industrial units involving a total investment of ₹1,371.38 crore. The projects are expected to generate significant direct and indirect employment across the state.

District- and sector-wise approvals include ₹491.28 crore in the chemical sector in Bharuch, ₹402.08 crore in the food and agro sector in Himmatnagar, and ₹478.02 crore in the minerals sector in Vadodara. The approved units will be eligible for incentives such as Net SGST reimbursement, interest subsidy and EPF reimbursement.

The proposals were processed through the state's Investor Facilitation Portal (IFP), which mandates complete online submission of documents, eliminating physical touchpoints. Owing to the transparent and time-bound system, all applications were processed and approved in less than two months.

**Textile Sector Gets Fresh Boost**

In another major decision, the sixth meeting of the State Level Empowered Committee also approved 11 new textile units under the Scheme for Strengthening Specific Sectors in Textile Value Chain-2019.

The projects involve an investment of ₹668.34 crore and are expected to create around 1,478 direct jobs. The state government will extend financial assistance of approximately ₹202 crore over the next five years in the form of interest subsidy and power tariff subsidy, strengthening Gujarat's position as a globally competitive textile hub.

**(Curtesy - Desh Gujarat)**

# INDIA - EU FTA ગુજરાતના ઔદ્યોગિક વિકાસને નવી ઊંચાઈએ લઈ જશે



**વર્ષ ૨૦૨૬ની શરૂઆત ભારતીય ઉદ્યોગ જગત માટે એક ઐતિહાસિક સીમાચિહ્ન લઈને આવી છે. ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે મુક્ત વ્યાપાર કરાર (FTA) પર થયેલા હસ્તાક્ષર સાથે ગુજરાત માટે વૈશ્વિક સ્પર્ધાત્મકતાના નવા યુગનો પ્રારંભ થયો છે. ભારતના અગ્રણી ઔદ્યોગિક અને નિકાસ પાવરહાઉસ તરીકે, ગુજરાત આ કરારના કેન્દ્રસ્થાને છે, જે ૨૭ દેશોના એકીકૃત બજાર અને લગભગ ૨ અબજ ગ્રાહકો સુધી પહોંચવાના દ્વાર ખોલશે.**

ગુજરાતના ઉદ્યોગકારો માટે, આ કરાર માત્ર નીતિગત ફેરફાર નથી; તે યુરોપના ’૨૨.૯ લાખ કરોડના ટેક્સટાઈલ માર્કેટ, ₹૪૩.૫ લાખ કરોડના કેમિકલ માર્કેટ, અને ₹૧૭૪ લાખ કરોડના વિશાળ એન્જિનિયરિંગ માર્કેટ સુધી પહોંચવા માટેનો એક વ્યૂહાત્મક સેતુ છે.

ગુજરાતના ઔદ્યોગિક હબ માટે સમાન તકો

દાયકાઓથી અમદાવાદ, સુરત, વડોદરા અને ભરૂચના નિકાસકારોએ વિયેતનામ અને બાંગ્લાદેશ જેવા સ્પર્ધકો સામે ‘ટેરિફ ગેરફાયદા‘ (વધુ આયાત જકાત)નો સામનો કરવો પડતો હતો. આ હ્રછ તે અવરોધોને દૂર કરે છે. ૯૦% થી વધુ ભારતીય ચીજવસ્તુઓ પરની ડ્યુટી નાબૂદ કરીને, આ કરાર ‘મેડ ઈન ગુજરાત‘ પ્રોડક્ટ્સને યુરોપિયન શોરૂમ્સ અને ફેક્ટરીઓમાં સમાન સ્તર પર લાવી દેશે.

સેક્ટર મુજબની અસર: ગુજરાત ક્યાં બાજી મારશે?

**૧. ટેક્સટાઈલ અને એપેરલ: સુરત-અમદાવાદનો નવો જુવાળ**

ગુજરાતના ટેક્સટાઈલ ક્લસ્ટરો આ કરારના સૌથી મોટા લાભાર્થી છે. ટેક્સટાઈલ અને ગારમેન્ટ્સ પરની ૧૨% સુધીની EU ટેરિફ ઘટીને શૂન્ય થતાં, આપણું કોટન યાર્ન, માનવ નિર્મિત ફાઈબર અને રેડીમેડ ગારમેન્ટ્સ હવે યુરોપમાં વધુ સસ્તા અને સ્પર્ધાત્મક બનશે.

- તક: ઉચ્ચ મૂલ્ય ધરાવતા ફેશન અને હોમ ટેક્સટાઈલ સેગમેન્ટમાં પ્રવેશ.
- અસર: MSMEs માટે સ્કેલિંગની મોટી તકો અને સુરત તથા ભરૂચમાં મોટા પાયે રોજગારીનું સર્જન.

**૨. કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ: વેલ્યુ ચેઈનમાં વર્ચસ્વ**

ભારતના કુલ કેમિકલ ઉત્પાદનમાં ૫૦% થી વધુ હિસ્સો ધરાવતું ગુજરાતનું ‘ગોલ્ડન કોરિડોર‘ (અંકલેશ્વરથી વાપી) મોટી સફળતા માટે તૈયાર છે.

- ડ્યુટી-ફ્રી એક્સેસ: ૯૭.૫% કેમિકલ નિકાસ પર હવે ઝીરો ડ્યુટી લાગશે.
- વ્યૂહાત્મક પરિવર્તન: યુરોપ જ્યારે ચીન પરની નિર્ભરતા ઘટાડી રહ્યું છે, ત્યારે ગુજરાતના સ્પેશિયાલિટી અને એગ્રોકેમિકલ યુનિટ્સ યુરોપિયન માર્કેટનો મોટો હિસ્સો કબજે કરી શકે છે.

**૩. એન્જિનિયરિંગ અને આધુનિકીકરણ**

આ FTA ઔદ્યોગિક મશીનરી અને ઓટો કમ્પોનન્ટ્સ પરના ૨૨% સુધીના ટેરિફ દૂર કરે છે.

- ટેકનોલોજીનું આદાનપ્રદાન: નિકાસ ઉપરાંત, આ કરાર ટેકનોલોજી પાર્ટનરશિપ માટે માર્ગ મોકળો કરે છે. રાજકોટ અને જામનગરના એન્જિનિયરિંગ હબ હવે યુરોપિયન ટેકનોલોજીનો ઉપયોગ કરીને સ્થાનિક ઉત્પાદન ક્ષમતા વધારી શકશે.

**૪. જેમ્સ, જ્વેલરી**

- સુરત ડાયમંડ: ડાયમંડ અને જ્વેલરી પરની ૪% ડ્યુટી નાબૂદ કરવામાં આવી છે. આનાથી ડાયમંડ કટિંગની સાથે સાથે જ્વેલરી મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં પણ વધારો થશે. આ ક્ષેત્ર હાલમાં EU ને ₹૨૩૫૦૦ કરોડના દાગીનાની નિકાસ કરે છે.

**૫. બ્લુ ઈકોનોમી**

- દરિયાકાંઠાની સમૃદ્ધિ: વેરાવળ અને પોરબંદર જેવા જિલ્લાઓને મરીન પ્રોડક્ટ્સ પરની ૨૬% સુધીની ડ્યુટી નાબૂદ થવાનો સીધો ફાયદો મળશે, જે સીફૂડ પ્રોસેસિંગ એકમો અને ગુજરાતની ‘બ્લુ ઈકોનોમી‘ને મજબૂત બનાવશે.

**ભવિષ્યની રાહ: ગુણવત્તા અને સસ્ટેનેબિલિટી**

જો કે FTA એ કિંમતના અવરોધો દૂર કર્યા છે, પરંતુ તે ‘ધોરણો‘ (Standards) માટેના પડકાર પણ લાવ્યું છે. યુરોપિયન માર્કેટ હવે સસ્ટેનેબિલિટી અને ગ્રીન મેન્યુફેક્ચરિંગને વધુ મહત્વ આપે છે. ગુજરાતના ઉદ્યોગકારોએ હવે પછીનું પગલું ESG (Environment, Social, and Governance) ધોરણો અપનાવવાનું છે, જેથી આપણી પ્રોડક્ટ્સ યુરોપના કડક નિયમો પર ખરી ઉતરી શકે.

ગુજરાત માટે ‘INDIA - EU FTA’ એ માત્ર એક વેપાર સોદો નથી,પરંતુ જથ્થાબંધ નિકાસકાર મટીને મૂલ્ય આધારિત વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ પાર્ટનર બનવા માટેની એક મોટી તક છે.

**(વિવિધ સમાચાર માધ્યમોમાંથી સંકલન)**

# ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪: મહિલા સખી મંડળો અને શહેરી એકમોને મળશે મોટું પ્રોત્સાહન

**ગુજરાતના ટેક્સટાઈલ ઉદ્યોગને વધુ સર્વગ્રાહી અને સમાવેશી બનાવવાના હેતુથી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪'માં ક્રાંતિકારી સુધારા કરવાની જાહેરાત કરી છે. આ સુધારાઓ હેઠળ હવે રાજ્યના મહિલા સખી મંડળો (SHGs) અને મહાનગરપાલિકા વિસ્તારમાં કાર્યરત પ્રદૂષણમુક્ત ટેક્સટાઈલ એકમોને પણ નીતિના લાભો મળવાપાત્ર થશે.**

### મહિલા સશક્તિકરણને નવું બળ: સખી મંડળોનો સમાવેશ

રાજ્યમાં પ્રથમવાર ટેક્સટાઈલ પોલિસી હેઠળ મહિલા સખી મંડળોના આર્થિક સશક્તિકરણ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

- **પાત્રતા:** નેશનલ રૂરલ લિવલીહુડ મિશન (NRLM), નેશનલ અર્બન લિવલીહુડ મિશન (NULM) હેઠળ નોંધાયેલા અથવા સમાન આજીવિકા હેતુ ધરાવતા અન્ય સ્વૈચ્છિક મહિલા સખી મંડળો હવે આ પોલિસીના વિવિધ લાભો મેળવવા માટે પાત્ર ઠરશે.
- **ઉદ્દેશ્ય:** ગ્રામીણ અને શહેરી મહિલાઓ ઉદ્યોગ સાહસિકતા તરફ વળે અને તેમની આવકમાં વધારો થાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

### મ્યુનિસિપલ વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન

નવા નિર્દેશો મુજબ, મહાનગરપાલિકાની હદમાં આવેલા પ્રદૂષણમુક્ત (Non-polluting) ટેક્સટાઈલ એકમોને પણ હવે નીતિ હેઠળ સહાય મળશે.

- **કઈ પ્રવૃત્તિઓને લાભ મળશે?** ગારમેન્ટ્સ, એપેરલ, મેડ-અપ્સ, સ્ટિચિંગ (સીવણ), એમ્બ્રોઈડરી (ભરતકામ) અને અન્ય વેલ્યુ-એડેડ પ્રવૃત્તિઓ.
- **GPCB કેટેગરી:** ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ની પ્રવર્તમાન 'વ્હાઈટ' અને 'ગ્રીન' કેટેગરીમાં આવતા એકમોને આ યોજનાનો વ્યાપક લાભ મળશે.

### આ નિર્ણયની અસરો અને ફાયદા

- **સ્થાનિક રોજગારી:** શહેરી વિસ્તારોમાં રોજગારીની તકો વધશે, ખાસ કરીને કુશળ અને અર્ધ-કુશળ કામદારો માટે સ્થાનિક સ્તરે જ કામ મળી રહેશે.
- **મહિલા કામદારોને ટેકો:** શ્રમ-સઘન પ્રવૃત્તિઓ શહેરી વિસ્તારોમાં શરૂ થવાથી મહિલાઓને ઘરની નજીક રોજગાર મળશે, જે તેમના વર્ક-લાઈફ બેલેન્સ અને સામાજિક-આર્થિક સ્થિરતામાં મદદરૂપ થશે.
- **MSMEs નો વિકાસ:** શહેરી વિસ્તારોમાં પ્રદૂષણમુક્ત પ્રવૃત્તિઓને માન્યતા મળવાથી લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) માટે સાનુકૂળ વાતાવરણ સર્જાશે.
- **ખર્ચમાં ઘટાડો:** મહાનગરપાલિકા વિસ્તારોમાં ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓનો અસરકારક ઉપયોગ થવાથી ઉત્પાદન ખર્ચ ઘટશે અને સ્પર્ધાત્મકતા વધશે.

આ સુધારાઓ દેશને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સંકલ્પને ટેકો આપશે. પર્યાવરણ સુરક્ષા અને સંતુલિત ઔદ્યોગિક વિકાસના સમન્વય સાથે, ગુજરાત 'વિકસિત ભારત ૨૦૪૭' ના લક્ષ્યમાં અગ્રેસર ફાળો આપવા તૈયાર છે.

**(CMO – Gujarat)**

# Solid Waste Management Rules, 2026

**ગુજરાત સ્થિત ઔદ્યોગિક એકમોને (ખાસ કરીને GIDC એસ્ટેટમાં કાર્યરત MSMEs) આગામી 'Solid Waste Management Rules, 2026' વિશે માહિતગાર કરવા માટે આ લેખ છે.**

**આ નિયમો ૧ એપ્રિલ, ૨૦૨૬ થી અમલમાં આવશે.**

### ગુજરાતના ઉદ્યોગો માટે માર્ગદર્શિકા:

## 'Solid Waste Management Rules, 2026'

ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે. આ નિયમો GIDC, સેઝ (SEZ) અને તમામ ઔદ્યોગિક વસાહતોને સીધી રીતે લાગુ પડશે.

### ૧. કયા ઉદ્યોગો 'બલ્ક વેસ્ટ જનરેટર' (BWG) ગણાશે?

જો તમારો ઉદ્યોગ નીચેનામાંથી કોઈપણ એક માપદંડ પૂર્ણ કરે છે, તો તેને 'બલ્ક વેસ્ટ જનરેટર' ગણવામાં આવશે:

એકમનો કુલ વિસ્તાર ૨૦,૦૦૦ ચોરસ મીટર કે તેથી વધુ હોય.

દૈનિક પાણીનો વપરાશ ૪૦,૦૦૦ લિટર થી વધુ હોય.

દૈનિક કચરાનું ઉત્પાદન ૧૦૦ કિલોગ્રામ થી વધુ હોય.

### ૨. ઉદ્યોગો માટે મુખ્ય જોગવાઈઓ અને ફરજો

**સ્રોત પર વર્ગીકરણ (Segregation):** ઉદ્યોગોએ તેમના કચરાને ફરજિયાતપણે ચાર ભાગમાં અલગ કરવો પડશે: (૧) ભીનો કચરો, (૨) સૂકો કચરો, (૩) સેનિટરી કચરો અને (૪) સ્પેશિયલ કેર વેસ્ટ (જેમ કે પેઈન્ટના ડબ્બા, કેમિકલની ખાલી બોટલો, ઝહ્લ-વગેરે).

**ઓનલાઈન રજીસ્ટ્રેશન:** તમામ બલ્ક જનરેટરોએ કેન્દ્રીય ઓનલાઈન પોર્ટલ પર સ્થાનિક સત્તામંડળ (GIDC અથવા નગરપાલિકા) પાસે નોંધણી કરાવવી ફરજિયાત છે.

**સ્થળ પર જ પ્રોસેસિંગ (On-site Processing):** ઉદ્યોગોએ તેમના એકમમાં ઉત્પન્ન થતા ભીના કચરા (જેમ કે કેન્ટીન વેસ્ટ) ને પ્લાન્ટની અંદર જ કમ્પોસ્ટિંગ અથવા બાયો-મેથેનેશન દ્વારા નિકાલ કરવાનો રહેશે.

**કચરો ફેંકવા કે બાળવા પર પ્રતિબંધ:** કોઈપણ ઉદ્યોગ કચરો બહાર ફેંકી શકશે નહીં, બાળી શકશે નહીં અથવા જમીનમાં દાટી શકશે નહીં.

### ૩. MSMEs અને GIDC માટે વિશેષ મુદ્દાઓ

**એક્સટેન્ડેડ રિસ્પોન્સિબિલિટી (EBWGR):** જો કોઈ જૂનો ઉદ્યોગ એકમમાં કચરાના પ્રોસેસિંગ માટે જગ્યા ન ધરાવતો હોય, તો તેમણે સ્થાનિક સત્તામંડળ પાસેથી મુક્તિ મેળવવી પડશે અને કચરાના વ્યવસ્થિત નિકાલ માટે 'EBWGR સર્ટિફિકેટ' લેવું પડશે.

**વાર્ષિક રિપોર્ટ:** દરેક નોંધાયેલ એકમે દર વર્ષે ૩૦ જૂન સુધીમાં ઓનલાઈન પોર્ટલ પર તેમનો વાર્ષિક રિપોર્ટ જમા કરાવવાનો રહેશે.

**અધિકૃત એજન્સી સાથે જોડાણ:** કચરો માત્ર એવા જ રિસાયકલર્સ અથવા વેસ્ટ કલેક્ટર્સને આપી શકાશે જેઓ આ નિયમો હેઠળ નોંધાયેલા હોય.

### ૪. દંડ અને વળતર (Penalties)

**સ્પોટ ફાઈન:** નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ અથવા કચરો ન છૂટો પાડવા બદલ સ્થાનિક સત્તામંડળ સ્થળ પર જ દંડ (Spot Fine) વસૂલી શકે છે.

**પર્યાવરણીય વળતર (Environmental Compensation) :** જો કોઈ એકમ નિયમોનું પાલન નહીં કરે, તો 'પ્રદૂષણ કરનાર ચૂકવશે' (Polluter Pays)ના સિદ્ધાંત મુજબ ભારે પર્યાવરણીય વળતર વસૂલવામાં આવશે.

**અકસ્માત અહેવાલ:** કચરાના સંચાલન દરમિયાન કોઈ અકસ્માત થાય, તો Form-VI ભરીને તેની જાણ તંત્રને કરવાની રહેશે.

### ઉદ્યોગો માટે અત્યારે શું તૈયારી કરવી?

૧. તમારા એકમમાં દૈનિક કેટલો કચરો ઉત્પન્ન થાય છે તેનું ઓડિટ કરો.

૨. કચરો અલગ રાખવા માટે અલગ-અલગ ડસ્ટબિનની વ્યવસ્થા શરૂ કરો.

૩. કેન્ટીનના કચરા માટે નાના કમ્પોસ્ટિંગ યુનિટની શક્યતા તપાસો.

૪. તમારા GIDC સત્તામંડળ સાથે સંપર્કમાં રહી ઓનલાઈન પોર્ટલ પર નોંધણીની પ્રક્રિયા સમજી લો.

આ નિયમોનો ઉદ્દેશ્ય ઔદ્યોગિક વિસ્તારોને સ્વચ્છ રાખવાનો અને કચરાના નિકાલની જવાબદારી જે-તે એકમ પર નક્કી કરવાનો છે.

આ માહિતી ગેઝેટ ઓફ ઈન્ડિયા (૨૮ જાન્યુઆરી, ૨૦૨૬)ના આધારે AI દ્વારા તૈયાર કરવામાં આવી છે.

Gazette No. 360 Date: January 28, 2026 (Wednesday)
Notification Number: S.O. 388 (E)

**ખાસ નોંધ :** (વધુ માહિતી તથા ખાતરી માટે અસલ ગેઝેટનો અભ્યાસ કરવા વિનંતી.)

# Budget 2026-2027: A Blueprint for Industrial Supremacy and the 'Viksit Gujarat' Vision

The Union Budget 2026-27, themed around "Viksit Bharat," serves as a strategic roadmap to transform India into a global manufacturing hub while balancing ambition with inclusive growth. For Gujarat-a state that contributes significantly to India's industrial GDP-this budget offers a treasure trove of opportunities, ranging from massive logistics upgrades to sector-specific parks and transformative MSME support.

## 1. Strategic Infrastructure: The Gujarat Advantage


The most significant announcement for Gujarat's industrial landscape is the establishment of a new Dedicated Freight Corridor (DFC) connecting Surat in the West to Dankuni in the East. This corridor is poised to revolutionize logistics, drastically reducing transit times and costs for Gujarat's textile, diamond, and heavy engineering sectors.

In tandem with rail connectivity, the budget focuses on:

- **National Waterways:** Operationalizing 20 new National Waterways to connect industrial centers directly to ports, further strengthening Gujarat's port-led development model.
- **High-Speed Rail:** The push for 7 High-Speed Rail corridors, including critical links like Mumbai-Pune and other major urban centers, will enhance the mobility of the skilled workforce across industrial clusters.
- University Townships: The proposal to develop 5 University Townships in the vicinity of major industrial and logistic corridors will ensure a steady pipeline of industry-ready talent directly within manufacturing hubs.

## 2. Manufacturing 2.0: Empowering Gujarat's Core Sectors

Gujarat's dominance in chemicals, textiles, and gems & jewelry is directly addressed through targeted strategic initiatives:




- Chemical Hub Reinforcement: The government will establish 3 Dedicated Chemical Parks to enhance domestic production and reduce import reliance. This is a direct boost to Gujarat's chemical belts in Bharuch, Ankleshwar, and Vapi.
- Textile Revitalization: The Integrated Programme for Textiles and a dedicated scheme to revive 200 legacy industrial clusters will breathe new life into Gujarat's traditional textile strongholds like Ahmedabad and Surat.
- Strategic Frontier Sectors: The launch of India Semiconductor Mission (ISM) 2.0 and the Electronics Components Manufacturing Scheme aligns perfectly with Gujarat's emerging status as a semiconductor destination (Dholera).
- Seafood and Leather: For Gujarat's extensive coastline, the budget triples the duty-free import limit (from 1% to 3%) for inputs used in seafood processing for export. Furthermore,

exporters of leather and textile garments now have an extended timeframe (1 year) for exporting final products.

### 3. MSME: Transforming 'Small' into 'Champions'

The budget introduces a three-pronged approach to scale MSMEs - the backbone of Gujarat's industrial ecosystem:

- **Financial Inclusion (Equity & Liquidity):**
- A dedicated ₹10,000 crore SME Growth Fund has been established to provide equity support.
- **TREDS Mandate:** The budget mandates TREDS as the transaction settlement platform for all purchases from MSMEs by CPSEs, ensuring liquidity and timely payments.
- **GeM-TREDS Linkage:** Linking the Government e-Marketplace (GeM) with TREDS will encourage cheaper and quicker financing for small businesses.
- **Professional Support:** The government will facilitate professional institutions to develop 'Corporate Mitras', especially in Tier-II and Tier-III towns. This is critical for cities like Rajkot, Jamnagar, and Bhavnagar, helping MSMEs meet compliance requirements at affordable costs.

### 4. Ease of Doing Business (EoDB) & Tax Rationalization

To foster a "Trust-based Governance" model, the budget introduces several landmark reforms:

- **Customs Transformation:** The Customs Integrated System (CIS) will be rolled out within two years, featuring a single interconnected digital window for cargo clearance.
- **Trusted Importer Benefits:** Regular importers with longstanding supply chains will be recognized in the risk system, minimizing the need for physical cargo verification.
- **SEZ Facilitation:** A special one-time measure will allow manufacturing units in SEZs to sell in the Domestic Tariff Area (DTA) at concessional duty rates.
- **Decriminalization:** The budget decriminalizes the non-production of books and documents, a major relief for entrepreneurs facing technical defaults.
- **Dispute Resolution:** Honest taxpayers can now close pending cases by paying an additional amount in lieu of a penalty.

### 5. Energy Security: Fuelling the Future

For an energy-intensive industrial state like Gujarat, the focus on sustainable energy is vital:

- **Lithium-Ion & Solar:** Basic Customs Duty (BCD) exemptions are extended to capital goods for manufacturing Lithium-Ion Cells and solar glass components.
- **Nuclear Expansion:** The BCD exemption for goods required for Nuclear Power Projects has been extended to 2035, covering all nuclear plants regardless of capacity.

---

### *Conclusion*

The 2026-27 Budget is more than just a fiscal statement; it is a strategic investment in the fundamental pillars of the Indian economy. The focus has shifted toward high-value manufacturing, logistics efficiency, and MSME scalability.

By leveraging the new DFC corridors, the Chemical Parks, and the robust MSME support systems, Gujarat's industrial fraternity is well-positioned to lead India's charge toward becoming a $5 trillion economy. The fiscal prudence displayed-targeting a debt-to-GDP ratio of 50±1% by 2030-ensures that this growth remains sustainable and globally competitive.

**(વિવિધ સમાચાર માધ્યમોમાંથી સંકલન)**

# સહકારી ક્ષેત્રના યુગપુરુષઃ સ્વ. આત્મારામ કાકાની જીવનગાથા



ગુજરાતના સાર્વજનિક જીવનમાં જ્યારે પણ સહકાર અને સંઘર્ષની વાત નીકળે, ત્યારે એક જ ચહેરો નજર સામે તરે છે - સફેદ વસ્ત્રો, ચહેરા પર અડગ આત્મ-વિશ્વાસ અને હૃદયમાં જનસેવાનો ભાવ ધરાવતા 'આત્મારામ કાકા'. ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાની પવિત્ર ધરતી પર જન્મેલા આત્મારામભાઈ મગનલાલ પટેલે માત્ર રાજકારણમાં જ નહીં, પરંતુ સહકારી અને સામાજિક ક્ષેત્રે જે પદચિન્હો છોડ્યા છે, તે આવનારી પેઢી માટે દીવાદાંડી સમાન છે. એક સામાન્ય ખેડૂત પુત્રથી માંડીને કેબિનેટ મંત્રી સુધીની તેમની સફર નિષ્ઠા, અતૂટ મહેનત અને નિઃસ્વાર્થ લોકસેવાનો પર્યાય બની રહી છે. તેમનું જીવન એ સાબિતી છે કે જો મનમાં દ્રઢ સંકલ્પ હોય, તો ગ્રામીણ પરિવેશમાંથી આવતો વ્યક્તિ પણ આખા રાજ્યની દિશા બદલી શકે છે.

આ પ્રેરણાદાયી જીવનનો આરંભ ૧૨ મે, ૧૯૧૮ના રોજ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના લાડોલ ગામે થયો હતો. ખેતીપ્રધાન પરિવારમાં જન્મેલા આત્મારામભાઈને ગળથૂથીમાં જ શ્રમ, સાદગી અને પ્રમાણિકતાના સંસ્કારો મળ્યા હતા. એ જમાનામાં ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણની સુવિધાઓ અત્યંત મર્યાદિત હતી, છતાં તેમનામાં ભણવાની અને કંઈક કરી છૂટવાની અદમ્ય ઈચ્છા હતી. બાળપણમાં ખેતરોની ધૂળમાં રમતા અને ખેતીકામમાં પિતાને મદદ કરતા આ કિશોરે જોયું હતું કે ખેડૂતો કેટલી સખત મજૂરી કરે છે, છતાં તેમને પૂરતું વળતર મળતું નથી. આ અનુભવોએ જ તેમના હૃદયમાં સમાજસેવાના બીજ રોપ્યા હતા, જે આગળ જતાં એક ઘટાદાર વટવૃક્ષ બનવાના હતા.

પ્રાથમિક શિક્ષણ ગામમાં જ પૂર્ણ કર્યા બાદ તેઓ ઉચ્ચ અભ્યાસ માટે બહાર ગયા. આ એ સમય હતો જ્યારે ભારત આઝાદીની લડત લડી રહ્યું હતું અને ગાંધીજીના વિચારો આખા દેશમાં વાયુવેગે પ્રસરી રહ્યા હતા. યુવાન આત્મારામભાઈ પર ગાંધીવાદી મૂલ્યોની ગાઢ અસર પડી. અભ્યાસ પૂર્ણ કર્યા પછી, તેમની પાસે નોકરી કરીને આરામદાયક જીવન જીવવાની પૂરતી તક હતી, પરંતુ તેમણે અંગત સુખને તિલાંજલિ આપીને લોકોની સેવા કરવાનો કાંટાળો પણ ગૌરવશાળી માર્ગ પસંદ કર્યો. તેમણે અનુભવ્યું કે આઝાદી માત્ર રાજકીય નહીં, પણ આર્થિક હોવી જોઈએ, અને તે માટે ખેડૂતો અને ગ્રામીણ જનતાને આત્મનિર્ભર બનાવવી અનિવાર્ય હતી.

આ વિચારધારાએ તેમને સહકારી ક્ષેત્ર તરફ વાળ્યા. આત્મારામ કાકાની ખરી ઓળખ અને શક્તિ સહકારી આંદોલનમાં ખીલી ઊઠી. તેમણે જોયું કે ગરીબ ખેડૂતો સાહુકારો અને વ્યાજખોરોના વિષચક્રમાં ફસાયેલા છે. આ શોષણમાંથી મુક્તિ અપાવવા માટે તેમણે 'સહકાર'ને હથિયાર બનાવ્યું. મહેસાણા ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકને મજબૂત કરવામાં તેમનો પાયાનો ફાળો રહ્યો હતો. તેમણે ગામડે-ગામડે ફરીને ખેડૂતોને સંગઠિત કર્યા અને બેંકના દ્વાર સામાન્ય માનવી માટે ખોલી નાખ્યા. માત્ર બેંકિંગ જ નહીં, પણ પશુપાલકોની આર્થિક સ્થિતિ સુધારવા માટે દૂધસાગર ડેરીના વિકાસમાં અને શ્વેત ક્રાંતિને ઘર-ઘર સુધી પહોંચાડવામાં તેમણે રાત-દિવસ એક કર્યા હતા. "વિના સહકાર નહીં ઉદ્ધાર" એ માત્ર તેમના માટે સૂત્ર નહોતું, પણ તેમના જીવનનો મંત્ર બની ગયો હતો.

સહકારી ક્ષેત્રમાં તેમની વધતી જતી લોકપ્રિયતા અને લોકોના પ્રશ્નો ઉકેલવાની તેમની કુશળતાને કારણે તેમનો રાજકારણમાં પ્રવેશ સ્વાભાવિક હતો. તેમની નિખાલસતા અને છેવાડાના માણસ સાથે ભળી જવાની અનોખી શૈલીને કારણે લોકો તેમને પ્રેમથી 'કાકા' કહીને સંબોધવા લાગ્યા. તેઓ અનેકવાર ધારાસભ્ય તરીકે વિજેતા બન્યા અને ગુજરાત સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે પંચાયત જેવા મહત્વના વિભાગોની જવાબદારી નિભાવી. સત્તાના સર્વોચ્ચ શિખરે હોવા છતાં તેમના સ્વભાવમાં ક્યારેય અહંકાર આવ્યો નહીં. તેમનું રાજકારણ મૂલ્યો આધારિત હતું. પક્ષ કોઈ પણ હોય, વિરોધ પક્ષના નેતાઓ પણ આત્મારામ કાકાના અનુભવ અને તેમની નિષ્ઠાનું સન્માન કરતા હતા.

આત્મારામ કાકાના જીવનમાં સંઘર્ષના કઠિન તબક્કાઓ

પણ આવ્યા, પરંતુ તેઓ ક્યારેય ડગ્યા નહીં. કટોકટીનો કાળ હોય કે પક્ષીય ઉથલપાથલ, તેમણે હંમેશા પોતાના સિદ્ધાંતોને સર્વોપરી રાખ્યા. ૧૯૯૦ના દાયકામાં જ્યારે ગુજરાતનું રાજકારણ પરિવર્તનના દોરમાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે પણ તેઓ અડીખમ રહ્યા હતા. ૧૯૯૬માં ખજૂરાહો કાંડ જેવી કમનસીબ ઘટનામાં તેમની સાથે થયેલા દુર્વ્યવહારે આખા ગુજરાતને આઘાત આપ્યો હતો, પરંતુ તે સમયે પણ કાકાએ જે મક્કમતા અને ગરિમા જાળવી રાખી, તેણે વિરોધીઓને પણ વિચારતા કરી દીધા હતા. તેમની નૈતિક હિંમત અને સત્ય પ્રત્યેની તેમની નિષ્ઠાએ તેમને ગુજરાતના ઈતિહાસમાં અમર કરી દીધા.

માત્ર આર્થિક કે રાજકીય જ નહીં, પરંતુ સામાજિક ક્ષેત્રે પણ તેમનું પ્રદાન અજોડ રહ્યું છે. તેમણે શિક્ષણને જ પરિવર્તનનું મુખ્ય માધ્યમ ગણાવ્યું હતું. પાટીદાર સમાજ સહિત દરેક વર્ગના બાળકો માટે શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે તેમણે અનેક છાત્રાલયો અને શૈક્ષણિક સંસ્થાઓને પીઠબળ પૂરું પાડ્યું. તેઓ માનતા હતા કે વ્યસન મુક્તિ અને સામાજિક કુરિવાજોને તિલાંજલિ આપ્યા વગર સમાજનો સાચો વિકાસ શક્ય નથી. આથી જ તેમણે લગ્ન પ્રસંગોમાં સાદગી અને કરકસરનો આગ્રહ રાખ્યો હતો. નવી પેઢીને આગળ લાવવા માટે તેમણે હંમેશા માર્ગદર્શકની ભૂમિકા ભજવી અને યુવાનોને લોકસેવામાં જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા.

જીવનના અંતિમ વર્ષોમાં પણ તેમની સેવાની ધૂણી ધખતી રહી હતી. વયોવૃદ્ધ હોવા છતાં, કોઈ પણ સામાન્ય માણસ તેમને મળી શકતો અને કાકા તેની મુશ્કેલી સાંભળવા હંમેશા તત્પર રહેતા. આખરે, ૨૩ જુલાઈ, ૨૦૦૨ના રોજ આ લોકનેતાએ અંતિમ શ્વાસ લીધા. તેમના અવસાનથી માત્ર ઉત્તર ગુજરાત જ નહીં, પણ સમગ્ર ગુજરાતના સહકારી અને જાહેર જીવનમાં એક મોટું શૂન્યાવકાશ સર્જાયું. આજે ભલે આત્મારામ કાકા આપણી વચ્ચે ભૌતિક રીતે નથી, પરંતુ મહેસાણાની સહકારી સંસ્થાઓ, હજારો ખેડૂતોના સમૃદ્ધ થયેલા ઘરો અને લોકસેવાની જે પરંપરા તેમણે સ્થાપી છે, તેમાં તેઓ હંમેશા જીવંત રહેશે.

આત્મારામ કાકાનું જીવન એ સાદગી, સમર્પણ અને સાહસનું ત્રિવેણી સંગમ હતું. તેમણે જે મૂલ્યો સ્થાપ્યા, તે આજે પણ પ્રસ્તુત છે. આ પ્રતિષ્ઠિત મેગેઝિનના માધ્યમથી આપણે આ યુગપુરુષની જીવનગાથાને લોકો સુધી પહોંચાડીને તેમને સાચી અંજલિ આપી શકીએ છીએ. તેમનું જીવન જ એક સંદેશ છે કે જો સેવા અને સહકારનો માર્ગ અપનાવવામાં આવે, તો માણસ મરીને પણ અમર થઈ જાય છે. ગુજરાતની ધરતીના આ પનોતા પુત્રને કોટી કોટી વંદન.

જ્યારે તેઓ ગુજરાત સરકારમાં મંત્રીપદ પર હતા, ત્યારે તેમની જવાબદારી ના હોવા છતાં ઉદ્યોગો અને GIDC ના વિકાસ માટે પણ રુચી લીધી હતી. ખાસ કરીને લઘુ ઉદ્યોગો (MSMEs) અને ગ્રામીણ ઉદ્યોગ સાહસિકોને પડતી સરકારી મુશ્કેલીઓ દૂર કરવામાં તેમનો મોટો ફાળો હતો.

દેદિયાસણ GIDC ના શરૂઆતના વર્ષોમાં, ઉદ્યોગકારોને પ્લોટ ફાળવણી તો થઈ ગઈ હતી, પરંતુ ટેકનિકલ કારણોસર અને સરકારી નીતિઓના અમલીકરણમાં વિલંબને કારણે તેમના પ્લાન્ટ શરૂ થઈ શકતા નહોતા. જો અમુક ચોક્કસ સમયમર્યાદામાં ઉત્પાદન શરૂ ન થાય, તો GIDC તે પ્લોટ પાછો લેતી અને ભરેલી ડિપોઝિટ જપ્ત કરી લેતી.

આ વાત જાણી,તેમણે તુરંત જ GIDC ના ઉચ્ચ અધિકારીઓ અને સચિવાલયના સભ્યોની એક બેઠક બોલાવી. જ્યારે અધિકારીઓએ નિયમોનો હવાલો આપ્યો, ત્યારે કાકાએ કહ્યું હતું કે:

"નિયમો માણસ માટે હોય છે, માણસ નિયમો માટે નથી. જો કોઈ પ્રામાણિકતાથી ઉદ્યોગ સ્થાપીને દસ લોકોને રોજગારી આપવા માંગતું હોય, તો સરકારનું કામ તેની આંગળી પકડવાનું છે, તેને પછાડવાનું નહીં."

**"આ ભવ્ય અંતિમયાત્રા જ બતાવે છે કે કાકાની લોકપ્રિયતા કેટલી હતી. કાકા અને તેઓનો હાકોટો કદી ભુલાશે નહીં. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તેઓના આત્માને શાંતિ અર્પે." એક મર્દ માણસના સ્મશાને હું આવ્યો છું તેનું મને ગૌરવ છે.**



**(શ્રી આત્મારામકાકાના અવસાન વખતે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની શ્રદ્ધાંજલિ)**

# Srijan Defence Indigenization Portal

**Registering your Company on the Srijan Defence Indigenization Portal is a strategic move to tap into the Ministry of Defence's "Make in India" initiatives. The portal serves as a bridge between the private sector and Defence Public Sector Undertakings (DPSUs).**

*Here is a step-by-step guide to the registration and "Expression of Interest" process.*

## 1. Preparation & Documentation

Before logging in, ensure you have the following details ready for your GIDC unit:

- **Company Details:** Official name, Address, and PAN.
- **Registration Numbers:** Udyam Registration (MSME) or CIN (for private limited companies).
- **Technical Profile:** Details of your manufacturing capacity, existing machinery, and quality certifications (ISO, AS9100, etc.).
- **Point of Contact:** Mobile number and email ID for the designated "Industry User."

## 2. Step-by-Step Registration Process

The Srijan portal is primarily designed for Industry Users to find opportunities.

1. **Visit the Portal:** Go to the official website at srijandefence.gov.in.
2. **Navigate to Registration:** Click on the "Login" or "Register" button (often found in the top right corner).
3. **Fill the Industry Profile:**
   - Enter your company's basic information.
   - Upload your Udyam/MSME certificate if applicable (highly recommended for GIDC units to get preference).
4. **Verification:** Complete the OTP verification via your registered mobile number or email.
5. **Dashboard Access:** Once registered, you will have a personalized dashboard to track "Interests" shown in specific items.

## 3. How to "Show Interest" in Defence Items

Registration is only the first step; the goal is to bid for indigenization.

- **Search for Items:** Use the Search Bar on the homepage to find items by keyword, NATO Supply Group, or specific DPSU (e.g., HAL, BEL, Mazagon Dock).
- **Filter by GIDC Capability:** Filter results by "Industry Domain" (e.g., Mechanical, Electronics, Rubber/Plastics) to find items matching your unit's production line.
- Show Interest: On the item detail page, click the "Show Interest" button.
- Submit Questionnaire: You may be asked to fill out a brief technical questionnaire or upload a capability statement for that specific component.

## 4. Post-Registration Interaction

After you show interest, the portal facilitates a direct connection:

- **DPSU Contact:** The concerned DPSU/ Armed Forces HQ will review your profile.
- **Technical Discussion:** If your unit's profile matches their requirement, they will contact you for technical specifications, drawings, or a visit to your GIDC facility.
- **Indigenization Procedure:** The final procurement follows the specific DPSU's guidelines (Make-II or Make-III categories).

---

*Important Tips*

**Focus on Niche Items:** Start by looking for "Import Substitution" items with a lower annual import value to build your credibility with the Ministry of Defence.

**Update Regularly:** Ensure your "Vendor Profile" is updated whenever you add new machinery or certifications to your unit.

(વિવિધ સમાચાર માધ્યમોમાંથી સંકલન)

# જૂના ઈન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર્સને આધુનિક બનાવવાની યોજના

કેન્દ્ર સરકાર દ્વારા બજેટ ૨૦૨૬-૨૭માં દેશના ૨૦૦ જૂના (Legacy) ઈન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર્સને આધુનિક બનાવવાની મહત્ત્વાકાંક્ષી જાહેરાત કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય હેતુ જૂની ઔદ્યોગિક વસાહતોમાં માળખાગત સુવિધાઓ સુધારીને ઉદ્યોગોની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવાનો છે.

જો આપણી વસાહત આવી જૂની હોય, તો નીચે મુજબના લાભ મળી શકે છે:

### ૧. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન (માળખાગત સુધારો)

- **રસ્તા અને ડ્રેનેજ:** જૂના થઈ ગયેલા રસ્તાઓનું નવીનીકરણ અને આધુનિક ગટર વ્યવસ્થા.
- **વીજળી અને પાણી:** ૨૪/૭ અવિરત વીજ પુરવઠો અને સ્માર્ટ વોટર મીટરિંગ સાથેની પાણીની લાઈનો.
- **Common Effluent Treatment Plants (CETP):** પ્રદૂષણ નિયંત્રણ માટે આધુનિક કેન્દ્રીય પ્લાન્ટ્સની સ્થાપના અથવા અપગ્રેડેશન.

### ૨. ટેકનોલોજી અને સ્પર્ધાત્મકતા

- **કોમન ફેસિલિટી સેન્ટર (CFC):** નાના એકમો જે મોંઘા મશીનો નથી ખરીદી શકતા, તેમના માટે સરકારી સહાયથી કોમન ટેસ્ટિંગ લેબ અને ડિઝાઈન સેન્ટર બનાવવામાં આવશે.
- **ટેકનોલોજી અપગ્રેડેશન:** જૂની મશીનરી બદલવા કે નવી ટેકનોલોજી અપનાવવા માટે ખાસ સબસિડી કે લોન સહાયની જોગવાઈ થઈ શકે છે.

### ૩. અન્ય મહત્વના લાભો

- **પ્લગ-એન્ડ-પ્લે સુવિધા:** કેટલાક વિસ્તારોમાં તૈયાર શેડ અને અન્ય પાયાની જરૂરિયાતો સાથે "પ્લગ-એન્ડ-પ્લે" પાર્ક્સ વિકસાવવામાં આવશે.
- **સ્કિલ ડેવલપમેન્ટ:** કામદારો માટે ક્લસ્ટરની અંદર જ તાલીમ કેન્દ્રો (Skill Up-gradation Centers) શરૂ કરવામાં આવશે.

### આ યોજના કોને લાગુ પડશે?

આ યોજના ખાસ કરીને એવા ક્લસ્ટર્સ માટે છે જે દાયકાઓ જૂના છે અને જ્યાં હાલમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની અછતને કારણે ઉત્પાદન ખર્ચ વધી રહ્યો છે.

ગુજરાતમાં રાજકોટ (એન્જિનિયરિંગ), સુરત (ટેક્સટાઇલ), અંકલેશ્વર-વાપી (કેમિકલ્સ) અને મોરબી (સિરામિક) જેવા જૂના ઔદ્યોગિક વિસ્તારોના એકમોને આમાં પ્રાધાન્ય મળી શકે છે.

## ₹૧૦,૦૦૦ કરોડના "Champion SME" ફંડ માટે અરજી કેવી રીતે કરવી ?

ભારત સરકારે MSME ક્ષેત્રને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે આ ઐતિહાસિક ફંડની જાહેરાત કરી છે. આ ફંડ પરંપરાગત બેંક લોન કરતા અલગ છે કારણ કે તે ઈક્વિટી અને ક્વાસી-ઈક્વિટી (Equity & Quasi-equity) સ્વરૂપે સહાય પૂરી પાડે છે.

### ૧. ફંડ મેળવવા માટે તમારા GIDC યુનિટમાં નીચેની બાબતો હોવી જરૂરી છે.

- **ઉદ્યમ રજીસ્ટ્રેશનઃ** તમારું એકમ 'Udyam' પોર્ટલ પર નોંધાયેલું હોવું જોઈએ.
- **ગ્રોથ પોટેન્શિયલઃ** જે એકમો પાસે સ્કેલેબલ બિઝનેસ મોડલ છે અથવા જેઓ નવી ટેકનોલોજી અપનાવવા માંગે છે તેમને પ્રાથમિકતા મળશે.
- **TReDS પર નોંધણીઃ** બજેટ ૨૦૨૬ મુજબ, TReDS (Trade Receivables Discounting System) પર એક્ટિવ હોવું હિતાવહ છે.

### ૨. અરજી કરતા પહેલા નીચેના દસ્તાવેજો તૈયાર રાખો.

- **બિઝનેસ પ્લાન (૨૫૦ શબ્દો):** તમારા ઈનોવેશન અથવા બિઝનેસને કેવી રીતે મોટો (Scale) કરશો તેનું વર્ણન.
- **નાણાકીય વિગતોઃ** છેલ્લા ૩ વર્ષના ઓડિટેડ બેલેન્સ શીટ અને GST રિટર્ન.
- **GIDC દસ્તાવેજોઃ** પ્લોટ એલોટમેન્ટ લેટર અને મ્યુનિસિપલ/ GIDC ટેક્સની વિગતો.

### ૩. અરજી કરવાની સ્ટેપ-બાય-સ્ટેપ પ્રક્રિયા

**સ્ટેપ ૧:** 'કોર્પોરેટ મિત્ર' (Corporate Mitra) નો સંપર્ક કરો

સરકારે આ બજેટમાં ખાસ 'કોર્પોરેટ મિત્ર' કેડરની જાહેરાત કરી છે. આ પ્રોફેશનલ્સ (CA/CS) તમને અરજી તૈયાર કરવામાં અને નિયમો સમજાવવામાં સસ્તી ફીમાં મદદ કરશે. તમારા નજીકના GIDC કાર્યાલય અથવા MSME DFO થી તેમની યાદી મેળવો.

**સ્ટેપ ૨:** ચેમ્પિયન્સ પોર્ટલ પર લોગિન

તમારે champions.gov.in પોર્ટલ પર જઈને તમારા યુનિટની પ્રોફાઈલ અપડેટ કરવાની રહેશે. આ પોર્ટલ હવે SME Growth Fund સાથે લિંક કરવામાં આવશે.

**સ્ટેપ ૩:** TReDS અને GeM લિન્કિંગ

જો તમે સરકારી ખરીદીમાં ભાગ લો છો, તો તમારા GeM (Government e-Marketplace) એકાઉન્ટને TReDS સાથે લિંક કરો. આનાથી તમારી લિક્વિડિટી પ્રોફાઈલ મજબૂત થશે અને ફંડ મળવાની શક્યતા વધશે.

**સ્ટેપ ૪:** અરજી સબમિશન (SIDBI વિન્ડો) આ ફંડનું સંચાલન SIDBI દ્વારા કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળાથી તેની ઓનલાઈન અરજી વિન્ડો ખુલવાની શક્યતા છે.

**(વધુ તથા છેલ્લી અપડેટેડ માહિતી માટે, સત્તાવાર વેબસાઈટ અથવા પોર્ટલ પર જાઓ.)**

નં. જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૨૫
જીઆઈડીસી, વડી કચેરી, ગાંધીનગર
તા. ૨૨/૧૨/૨૦૨૫

## // સ્પષ્ટતા પરિપત્ર //

વિષય:- નિગમની વસાહતોમાં રાસાયણિક અને બિન-રાસાયણિક ઉદ્યોગો સ્થાપવા માટે ઔદ્યોગીક એકમોને ફાળવેલ જમીનમાં પ્રોડકટ ચેન્જ/Addition બાબત.

સંદર્ભ:- ૧. જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પીઓએલ/૨૪(૩)૪૮૯/૩૧/૯૪ તા.૨૦/૧૦/૧૯૯૪

૨. જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/(L09003633011), તા.30/0૧/૨૦૨૧.

3. જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧૮, તા.03/0૬/૨૦૨૧.

નિગમની વસાહતોમાં રાસાયણિક અને બિન-રાસાયણિક ઉદ્યોગો સ્થાપવા માટે ઔદ્યોગીક એકમોને ફાળવેલ જમીનમાં પ્રોડકટ ચેન્જ/Addition બાબતે નિગમ દ્વારા તા.03/0૬/૨૦૨૧ના પરિપત્રથી જ્યાં ઝોનિંગ ચેન્જ થતું હોય તેવા કિસ્સાઓમાં બિનરાસાયણિક ઝોનમાં રાસાયણિક પ્રકારની/પર્યાવરણને અસર કરતાં ઉદ્યોગોને મંજુરી આપી શકાશે નહીં તે અંગેની સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

નિગમના ફાળવણીદારો દ્વારા નિગમની વિવિધ સેવાઓ મેળવવા માટે કરવામાં આવતી અરજીઓમાં તા.03/0૬/૨૦૨૧ના પરિપત્ર મુજબ બિનરાસાયણિક ઝોનમાં રાસાયણિક પ્રકારના ઉદ્યોગના કારણે જે-તે અરજી રદ્દ કરવામાં આવતી હોવાના અમુક કિસ્સાઓ ધ્યાને આવેલ છે. આથી સદર પરિપત્ર અન્વયે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

"તા.03/0૬/૨૦૨૧ના પરિપત્ર જારી થયા અગાઉ નિગમ દ્વારા જે-તે પ્રોડ્ક્ટ માટે ફાળવણી/તબદીલી કરવામાં આવેલ હોય જે પ્રોડ્ક્ટમાં કોઇ ફેરફાર/વધારો થતો ન હોય તેવા કિસ્સાઓમાં નિગમને મળેલ ૨(આર/એસ) પરમીશન, લીઝડીડ, નેમ ચેંજ, ઔપચારિક તબદીલીની અરજી અન્વયે નિગમના નીતિ નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે."

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ આ સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર

રવાના કર્યું

જનરલ મેનેજર ગ્રેડ-૧ (મહેકમ)
જીઆઇડીસી, ગાંધીનગર

ગુજરાત ઇન્ડ્રસ્ટ્રીયલ પોલીસી – ૨૦૨૦ મુજબ સત્તામંડળ વિસ્તારમાં આવતી ઇન્ડ્રસ્ટ્રીયલ પાર્કની જમીનોમાં એફ.એસ.આઇ. આપવા બાબત.

**ગુજરાત સરકાર**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

હુકમ ક્રમાંકઃ UDUHD/MSM/e-file/18/2025/2300/L

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૦.૦૯.૨૦૨૫

**વંચાણે લીધા:**

(૧) ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડ્રસ્ટ્રીઝ દવારા તા.૨૧.૦૧.૨૦૨૫ અને તા.૨૮.૦૫.૨૦૨૫ ના પત્રોથી કરેલ રજુઆત

(૨) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬

(૩) સી.જી.ડી.સી.આર. – ૨૦૧૭

***આમુખ:***

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડ્રસ્ટ્રીઝ દવારા તા.૨૧.૦૧.૨૦૨૫ અને તા.૨૮.૦૫.૨૦૨૫ ના પત્રોથી સરકારશ્રીની ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પોલીસી–૨૦૨૦ હેઠળ રજીસ્ટર થયેલ ઇન્ડસ્ટ્રીયલ પાર્કના એકમો માટે GIDC વિસ્તારમાં મળવાપાત્ર FSI મુજબ ૧.૬ FSI આપવા, ગ્રાઉન્ડ કવરેજની મર્યાદા રદ કરી ફક્ત મીનીમમ માર્જીનની મર્યાદા રાખવા તથા રોડની પહોળાઇ મુજબ ઔધોગીક બાંધકામની ઉંચાઇ આપવા માટે સરકારશ્રીની મંજુરી મેળવી આપવા રજુઆત કરેલ છે.

સરકારશ્રી દ્વારા તા.૧૨.૧૦.૨૦૧૭ થી મંજુર અમલી CGDCR-2017 મુજબ અલગ અલગ કેટેગરી તથા સત્તામંડળ વાર અલગ અલગ ઝોન માટે મળવાપાત્ર FSI ની જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે મુજબ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, સુરત શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ જેવા સત્તામંડળોમાં તેના મ્યુનિસિપલ કોર્પોરેશન સહીતના વિસ્તારમાં મંજુર અમલી વિકાસ યોજનાની દરખાસ્તો મુજબ ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં ઈન્ડસ્ટ્રીયલ હેતુના બાંધકામ માટે મહત્તમ ૧.૦ FSI ની જોગવાઈ કરવામાં આવેલ છે. ઔધોગીક હેતુ માટે કોઈ ચાર્જેબલ FSI ની જોગવાઈ કરવામાં આવેલ નથી. અને તે મુજબ ગુજરાત ઇન્ડ્રસ્ટ્રીયલ પોલીસી – ૨૦૨૦ મુજબ ઇન્ડ્રસ્ટ્રીયલ પાર્કની જમીનોમાં વિકાસ પરવાનગી માટે સત્તામંડળ સમક્ષ રજુ થતા લે–આઉટ પ્લાનોમાં ૧.૦ FSI ધ્યાને લઇ મંજુરી આપવામાં આવે છે.

ગુજરાત ઇન્ડ્રસ્ટ્રીયલ પોલીસી – ૨૦૨૦ મુજબ ઇન્ડ્રસ્ટ્રીયલ પાર્કની પ્રવૃતિને પ્રોત્સાહન મળે અને રોજગારીની વધુ તકો ઉભી થાય અને ઉદ્યોગો માટે વધુ જમીનો ઉપલબ્ધ થઇ શકે તેવા જાહેર હિત

ધ્યાને લઈ શહેરી વિકાસ સત્તામંડળ તથા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ પાર્કના એકમો માટે CGDCR-૨૦૧૭ અનુસાર આપવામાં આવતી FSI અને ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન(GIDC)ના એકમો માટે CGDCR-૨૦૧૭ અનુસાર આપવામાં આવતી FSI માં વિસંગતતા દુર કરી શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ તથા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં આવેલ ગુજરાત સરકારના ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસી-૨૦૨૦ હેઠળ રજીસ્ટર થયેલ ઈન્ડસ્ટ્રીયલ પાર્કના એકમો માટે GIDC વિસ્તારમાં મળવાપાત્ર FSI મુજબ ૧.૬ FSI આપવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

***હુકમ:***

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાને અંતે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ની પેટાકલમ-(૧) હેઠળ મળેલ સત્તાની રૂએ ગુજરાત ઈન્ડ્રસ્ટ્રીયલ પોલીસી - ૨૦૨૦ મુજબ ઈન્ડ્રસ્ટ્રીયલ પાર્કની જમીનોમાં વિકાસ પરવાનગી માટે સત્તામંડળ સમક્ષ રજુ થતા લે-આઉટ પ્લાનોમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્કના ઔધોગિક એકમો માટે મળવાપાત્ર Base FSI-1 ઉપરાંત વધારાની 0.6 FSI ને જંત્રીના ૩૦ % ના દરે ચાર્જેબલ FSI તરીકે આપી કુલ 1.6 FSI આપવાની રહેશે.

સદરહુ હુકમ આ વિભાગની સરખાક્રમાકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(પ્રકાશ દત્તા)**
ખાસ ફરજ પરના અધિકારી અને હોદ્દાની રૂએ સંયુકત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન.
- કમિશ્નરેટ ઓફ મ્યુનિસિપાલિટી, ગુજરાત રાજય, ગાંધીનગર. (તમામ નગરપાલીકાઓને જાણ કરવા સારૂ.)
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, તમામ શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ.
- મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર.
- લ-શાખાની સિલેકટ ફાઇલ.(૨૦૨૫)

No. GIDC/O&M/CIR/ALT/POL-28
GIDC, Gandhinagar
Dt. 19.12.2025

## Circular

**Subject**:- Policy for Logistics and Warehousing activities in GIDC estates.

**Reference**:-

1) Policy no. GIDC/O&M/CIR/ALT/Policy/86/03, dt. 29.01.2014.
2) Resolution no. 90/Pre-Alt/523 passed in the 523rd Board meeting.

The logistics and warehousing sector has emerged as a critical enabler of industrial growth, supply chain efficiency, and investment competitiveness. The Government of Gujarat, vide Government Resolution No.: Parach-102017-720694-G, dt. 30th August 2018, has also extended "Industry Status" to "Logistics Sector", acknowledging its role as a key component in industrial infrastructure and economic development.

Circular No. GIDC/ATP/78 dated 02.03.2017 provides for reservation of areas in industrial estates for such activities. As per Circular No. GIDC/O&M/CIR/ALT/Policy/86/03 dated 29.01.2014, land is to be allotted to such industries at a 25% premium over the industrial allotment rate.

In order to promote ease of logistics for companies in GIDC estates, an agenda was put up before the Board for forming a policy. As per the resolution no. 90/Pre-Alt/523 passed in the 523rd Board meeting, following policy is hereby introduced for logistics and warehousing activities:

- For new estates having area more than 250 acres, 5% of the estate area shall be reserved for such activities.
- For existing estates having area more than 250 acres, powers for reserving up to 5% area for such activities (depending on availability and demand) shall be with VC&MD, GIDC.
- For new estates and existing estates having area less than 250 acres, powers for reserving up to 5% area for logistics (depending on availability and demand), shall be with VC&MD, GIDC.

- In all the above-mentioned scenarios, allotment policies of industrial plot / land shall be applicable. Further, logistics and warehousing activities shall be treated as industrial activity only in the area earmarked for the same.

All the concerned officers / employees of the Corporation shall take note of this circular and implement accordingly.

– Sd –
**Praveena D. K.**
**Vice Chairperson & Managing Director**
**GIDC, Gandhinagar**

To,

All concerned officers / employees
GIDC

Copy to:-

1. G.M (Gr-1), S&A, GIDC Gandhinagar, for updating the website of GIDC.
2. President, FIA, Gandhinagar, for information.
3. Presidents, all recognized Industrial Associations of GIDC, for information.

**Issued,**

**General Manager Gr-1 (E&A)**
**GIDC, Gandhinagar**

FIA

UNITED WE GROW

# FEDERATION OF INDUSTRIES AND ASSOCIATIONS (GUJARAT)

## FIA TIMES ADVERTISEMENT RATES

| TYPE | 1 ISSUE | 3 ISSUE | 6 ISSUE |
|---|---|---|---|
| Title Page-4 | Rs. 1,00,000 | Rs. 2,00,000 | Rs. 4,00,000 |
| Title Page-3 | Rs. 50,000 | Rs. 1,20,000 | Rs. 2,00,000 |
| Title Page-2 | Rs. 50,000 | Rs. 1,20,000 | Rs. 2,00,000 |
| Inside Full Page | Rs. 20,000 | Rs. 50,000 | Rs. 1,00,000 |
| Inside Half Page | Rs. 10,000 | Rs. 25,000 | Rs. 40,000 |
| Inside Quarter Page | Rs. 7,500 | Rs. 15,000 | Rs. 20,000 |

- GST@18% will be charged extra on above rates.
- Size of Magazine: A4 (21 cm x 28 cm).
- Advertisement design will be provided by party in soft copy only in Cdr./jpg/pdf format.

**(Payment should be 100% Advance)**

## Contact

**(M) 9925007221, E-mail : fiagujarat@gmail.com**



**Shri Narendrabhai Modi**
Hon'ble Prime Minister

# Gujarat Industrial Development Corporation

A Government of Gujarat Undertaking



**Shri Bhupendrabhai Patel**
Hon'ble Chief Minister, Gujarat

## Key Projects

### PM Mitra Park:

- Spread over 462 Hectares in Vansi, Navsari.
- Offers integrated facilities for spinning, weaving, dyeing, and printing, while fostering innovation, training, and exports through world-class infrastructure, enhancing competitiveness.

### Bulk Drug Park:


- Spread over 815 Hectares in Jambusar, Bharuch.
- Aims at reducing API imports and enhancing domestic pharmaceutical manufacturing capacity.

## Advantages of GIDC Industrial Estates

- **Removes the need for NA / NOC permissions**
- **Land/building titles are free from encumbrances**
- **State-of-art infrastructure and facilities**
- **Quality water supply and adequate power supply**
- **Regular maintenance of infrastructure**
- **Competitive allotment price with flexi-payment options**

## 18* Upcoming Industrial Parks spread across ~2376 Hectares

*Including PM Mitra and Bulk Drug Park




**General Parks**
A multi-sector industrial zone.

**Agro Food Park- Chhapra, Rajkot and Mudetha, Banaskantha-**
State-of-the-art parks to accelerate food processing and agri-business excellence.

**Medical Device Park- Nagalpar, Rajkot**
Dedicated hub at Nagalpar to boost medical device manufacturing and innovation.

**Vehicle Scrappage Park -Nava Madhiya, Bhavnagar**
A facility at Nava Madhiya to promote sound dismantling and scrapping of end-of-life vehicles.

**Ceramic Park- Jambudiya, Morbi**
Dedicated to enhancing Gujarat's globally renowned ceramic industry.


**GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION**
A Government of Gujarat Undertaking
Block 3,4,5, Udhyog Bhavan, Sector-11, Gandhinagar 382011, Gujarat, India.
Phone: 9879110007/23250636/23250637
Email: ipdesk@gidcgujarat.org, Website: www.gidc.gujarat.gov.in


To know more, please scan.